RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 01-09-2026 I VOL : 12 I Issue : 167 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

તમારા સપનાઓને જીવવાનું શરૂ કરો. જીવનમાં સંતુલન જ સાચી સફળતા છે.

3  અદાણીના ફાયદા માટે 'સમુદ્ર મંથન' કે 84 હજાર કરોડનો ખેલ : શક્તિસિંહ...

4  ઈશ્વર સુધી પહોંચવાની ખરી લાઇન: મંદિરની કતાર કે માનવતાની...

6  ગુલાબી લહેંગામાં પલક તિવારીનો કિલર લુક, ચાહકો થયા ફિદા

7  વૈભવ સૂર્યવંશીનો સપાટો: 7 સિક્સર, 7 ચોગ્ગા સાથે 92 રન ફટકાર્યા

# દરિયાના ઊંડાણમાં વધશે ભારતની તાકાત, નેવીમાં કમિશન થયું INS નિપુણ




નવી દિલ્હી

ભારતીય નૌકાદળે મુંબઈ સ્થિત નેવલ ડોકયાર્ડ ખાતે સ્વદેશી ડાઈવિંગ સપોર્ટ વેસલ 'INS નિપુણ' નો તેના કાફલામાં સમાવેશ કર્યો છે. હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડ (HSL) દ્વારા સ્વદેશી ટેકનોલોજી વડે તૈયાર કરાયેલ INS નિપુણ ઊંડા સમુદ્રમાં કોઈપણ મિશન પાર પાડી શકે છે. નૌકાદળના વડા એડમિરલ કૃષ્ણ સ્વામીનાથનની અધ્યક્ષતામાં આયોજિત ઉદ્ઘાટન સમારોહ સાથે જ પશ્ચિમી નૌકાદળને 'INS નિસ્તાર' ની સમકક્ષ એક સમર્પિત ડાઈવિંગ સપોર્ટ વેસલ મળી ગયું છે. ઉલ્લેખનીય છે કે, INS નિસ્તાર ગયા વર્ષે જુલાઈમાં કાફલામાં સામેલ થયા બાદથી પૂર્વી નૌકાદળ કમાન્ડ હેઠળ પોતાની સેવાઓ આપી રહ્યું છે.

વિશાખાપટ્ટનમના હિન્દુસ્તાન શિપયાર્ડ દ્વારા નિર્મિત અને 75% સ્વદેશી સામગ્રીથી બનેલું 8,500 ટન વજન ધરાવતું આ જહાજ 300 મીટરની ઊંડાઈ સુધી સેચ્યુરેશન ડાઈવિંગ અને સંકટગ્રસ્ત સબમરીનમાંથી ક્રૂને સુરક્ષિત બહાર કાઢવા જેવા કઠિન મિશનને પાર પાડવામાં સક્ષમ છે. અત્યાધુનિક ક્ષમતાઓ અને સુવિધાઓ આ જહાજ સમુદ્રમાં 300 મીટર સુધીની ઊંડાઈએ સેચ્યુરેશન ડાઈવિંગ અને 75 મીટર સુધી સાઈડ-સ્ટેજ ડાઈવિંગ અભિયાનો હાથ ધરવામાં સક્ષમ છે. તે સમુદ્રના ભારે મોજાં અને ખરાબ હવામાનમાં પણ સ્થિર રહી શકે છે. જેના કારણે તે સમુદ્રની અંદર ફસાયેલી સબમરીન અને નૌસૈનિકોને સરળતાથી સુરક્ષિત બહાર કાઢી શકે છે.

## એક નજર...

### નોરા ફતેહીએ શોર્ટ્સમાં કેમેરા સામે બતાવી કાતિલ અદા



નોરાને રિયાલિટી શો 'બિગ બોસ 9'માં સ્પર્ધક તરીકે જોડાયા બાદ તેની વાસ્તવિક ઓળખ મળી હતી. આ પછી, નોરા પર ફિલ્માવવામાં આવેલા ઘણા ડાન્સ નંબર જેમ કે 'દિલબર દિલબર...,' 'હાય ગરમી..' વગેરે હિટ સાબિત થયા અને તે સ્ટાર બની ગઈ.નોરા ફિલ્મ 'મડગાંવ એક્સપ્રેસ'માં પણ જોવા મળી હતી.

## NEWS TRACK

### પેરિસમાં મહંત સ્વામી મહારાજનું આગમન, 6 સપ્ટેમ્બરે ફ્રાન્સના પ્રથમ પરંપરાગત હિન્દુ મંદિરનું થશે લોકાર્પણ

ફ્રાન્સમાં સનાતન હિન્દુ ધર્મ માટે એક ઐતિહાસિક અધ્યાયનો શુભારંભ થયો છે. BAPS સ્વામિનારાયણ સંસ્થાના ગુરુ અને આધ્યાત્મિક વડા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું 29 ઓગસ્ટના રોજ ફ્રાન્સના બુસી-સેંટ-જ્યોર્જેસ ખાતે આગમન થયું હતું. તેમની ઉપસ્થિતિમાં 6 સપ્ટેમ્બરના રોજ ફ્રાન્સના પ્રથમ પરંપરાગત હિન્દુ મંદિરનું લોકાર્પણ થશે. આ ઐતિહાસિક ફેસ્ટિવલ ઓફ કલ્ચર (પેરિસ મંદિર મહોત્સવ) અંતર્ગત 2થી 14 સપ્ટેમ્બર દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજાશે. પેરિસમાં મહંત સ્વામી મહારાજનું આગમન મંદિરના સંકલ્પથી લઈને તેના નિર્માણ સુધીની યાત્રાનું અનોખું સીમાચિહ્ન બન્યું છે. તેમણે નવનિર્મિત મંદિરનું પ્રથમ વખત અવલોકન કર્યું હતું. સાથે જ 10 એકરમાં પથરાયેલા મહોત્સવ પરિસર 'સ્વામિનારાયણ નગર'ની પણ મુલાકાત લીધી હતી. મહોત્સવ દરમિયાન અપેક્ષિત હજારો મુલાકાતીઓના સ્વાગત માટે આ પરિસરનું નિર્માણ કરવામાં આવ્યું છે. યુરોપ તથા વિશ્વભરમાંથી આવેલા સેંકડો ભક્તો અને સ્વયંસેવકો મહંત સ્વામી મહારાજનું સ્વાગત કરવા એકત્ર થયા હતા.

### ન્યૂયોર્કમાં તિરંગાનું અપમાન, કેન્દ્રીય મંત્રીએ ભડકીને ખાલિસ્તાનીઓને ફેંક્યો ખુલ્લો પડકાર!

અમેરિકાના ન્યૂયોર્ક સ્થિત મેડિસન સ્ક્વેર ગાર્ડન ખાતે આરએસએસ(RSS) પ્રમુખ મોહન ભાગવતના કાર્યક્રમ બહાર ખાલિસ્તાની સમર્થકો દ્વારા ભારતીય તિરંગાનું અપમાન કરવામાં આવ્યું હતું. આ શરમજનક ઘટના પર કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ સખત વાંધો ઉઠાવતા ઉપદ્રવીઓને કડક ચેતવણી આપી છે કે સરકારની ટીકા સ્વીકાર્ય છે, પરંતુ તિરંગા અને ભારતનું અપમાન કરનારાઓને આ ભૂલ ખૂબ ભારે પડશે. મેડિસન સ્ક્વેર ગાર્ડન બહાર શરમજનક હરકત શનિવાર, 29 ઑગસ્ટના રોજ ન્યૂયોર્કના મેડિસન સ્ક્વેર ગાર્ડનના ઈન્ફોસિસ થિયેટરમાં 'યુનિવર્સલ વનનેસ સેલિબ્રેશન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં RSS પ્રમુખ મોહન ભાગવતનું સંબોધન હતું. આ કાર્યક્રમ દરમિયાન ભારત સરકાર દ્વારા પ્રતિબંધિત આતંકી સંગઠન 'શીખ ફોર જસ્ટિસ'(SFJ) સાથે જોડાયેલા ખાલિસ્તાની સમર્થકોએ બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ દરમિયાન એક દેખાવકાર તિરંગાને પગ સાથે બાંધીને પોઝ આપતો અને અન્ય પ્રદર્શનકારીઓ રાષ્ટ્રધ્વજને ફાડતા કેમેરામાં કેદ થયા હતા.

## દિલ્હીમાં ફરી ધરણાં થાય તે પહેલા જ સરકાર ઝૂકી!

### કોકરોચ જનતા પાર્ટીની માગ પૂર્ણ કરવા સુપ્રીમમાં અરજી

નવી દિલ્હી

દિલ્હીમાં NEET પેપર લીક વિરોધ પ્રદર્શન દરમિયાન નોંધાયેલા કેસો રદ કરવા કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં અરજી



કરી છે. બંધારણની કલમ 142 હેઠળ કેસો રદ કરવાની માંગ કરાઈ છે. CJI સૂર્યકાંતે મંગળવારે આ કેસની તાત્કાલિક સુનાવણીનો આદેશ આપ્યો. CJP 5 સપ્ટેમ્બરે દિલ્હીમાં વિરોધ માર્ચની તૈયારી કરી રહી હતી. આ પગલાને CJP નેતાઓ અભિજીત દીપકે, સૌરભ દાસ અને આશુતોષ રાંકાએ પોતાની જીત ગણાવી છે. Delhi Protest : શું ઈન્ડિયા ગેટ ખાતે યોજાનાર વિરોધ પ્રદર્શન માર્ચ પહેલા જ કેન્દ્ર સરકાર કોકરોચ જનતા પાર્ટી(CJP)ની બીજી સૌથી મોટી માંગ પૂરી કરવા જઈ રહી છે? નીટ પેપર લીક વિરુદ્ધ થયેલા આંદોલન દરમિયાન નોંધાયેલા કેસો રદ કરાવવા માટે સુપ્રીમ કોર્ટમાં કેન્દ્ર સરકારની તાજેતરની અરજી બાદ સીજેપીના નેતાઓ સુખદ આશ્ચર્યમાં છે અને તેમણે કોઈ પણ શબ્દ બોલ્યા વગર ખાસ અંદાજમાં પોતાની પ્રતિક્રિયા આપી છે. સીજેપીના રાષ્ટ્રીય સંયોજક અભિજીત દીપકેએ તેને ભીમરાવ આંબેડકરની જીત તરીકે દર્શાવતા બાબા સાહેબની તસવીર સાથે પોતાનો ચહેરો દર્શાવ્યો હતો.

## દિલ્હીમાં 47 લાખ, મહારાષ્ટ્રના SIR ડ્રાફ્ટ રોલથી 2 કરોડ 7 લાખ વોટર્સના નામ કપાયા

નવી દિલ્હી

મહારાષ્ટ્ર અને દિલ્હીમાં સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવીઝન એટલે કે SIR હેઠળ આજે 31 ઓગસ્ટે ડ્રાફ્ટ વોટર રોલ જારી કરી દેવામાં આવ્યો છે. ઘેર-ઘેર જઈને ચકાસણી , ડિજિટાઈજેશન માટે ફોર્મ જમા ન થવા અને અન્ય ટેકનિકલ કારણોથી મોટી સંખ્યામાં મતદાતાઓના નામ હાલ ડ્રાફ્ટ લિસ્ટમાં સામેલ નથી થઇ શક્યા. તેમાં અનુપસ્થિતિ, સ્થાનાંતરિત, મૃત, ડુપ્લિકેટ, વિદેશી અને અન્ય કેટેગરીના કિસ્સા પણ સામેલ છે. દિલ્હીમાં કુલ 1 કરોડ 45 લાખ નોંધાયેલા મતદારોમાંથી 47 લાખ 56 હજાર 722 મતદારોના નામ ડ્રાફ્ટ યાદીમાંથી બહાર છે. જ્યારે, આશરે 97 લાખ 53 હજાર 507 મતદારોનો રેકોર્ડ જ ડિજિટાઈઝ થઈ શક્યો છે. મહારાષ્ટ્રમાં પણ કુલ મતદારોમાંથી આશરે 2 કરોડ 7 લાખ મતદારોના નામ હાલમાં ડ્રાફ્ટ રોલમાં સામેલ નથી. આ મતદારોના ફોર્મ જમા થઈ શક્યા નથી અથવા તેમનો રેકોર્ડ ડિજિટાઈઝ થઈ શક્યો નથી.

## ઉત્તર પ્રદેશના કૌશાંબીમાં ફટાકડા ફેક્ટરીમાં પ્રચંડ વિસ્ફોટ, 11ના મોત

કૌશાંબી

ઉત્તર પ્રદેશના કૌશાંબીમાં ફટાકડાની એક ફેક્ટરીમાં વિસ્ફોટ થયો છે. આ અકસ્માતમાં 11 લોકોના મોત થયા છે



અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. તેમને પ્રયાગરાજની SRN હૉસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં લાવવામાં આવ્યા છે. ગંભીર હાલતમાં એક મહિલાને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. વિસ્ફોટ એટલો તીવ્ર હતો કે લગભગ 2 કિલોમીટર સુધી તેનો અવાજ સંભળાયો હતો. બ્લાસ્ટનો અવાજ સાંભળીને લોકો ગભરાઈ ગયા હતા. હાલમાં પોલીસ અને અન્ય તપાસ એજન્સીઓની ટીમ મામલાની તપાસમાં લાગી ગઈ છે. ફાયર વિભાગની ગાડીઓ આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરી રહી છે. આ ઘટના કૌશામ્બી અને પ્રયાગરાજ બોર્ડર પર આવેલા થાણા પીપરી અને પૂરામુફ્તી વિસ્તારની સીમા પાસે આદિત્ય નામે ચાલતા ફટાકડાના ગોડાઉનની છે. સોમવારે સવારે લગભગ 11 વાગ્યે અહીં એક ભયાનક વિસ્ફોટ થતાં વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. જો કે હજુ સુધી તંત્ર તરફથી મૃતકો અને ઈજાગ્રસ્તોની સંખ્યાની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

# સુરતમાં માત્ર પાંચ વર્ષમાં બ્રિજ ધરાશાયી કરવાની વારો

## NH-48 પરના સાવા અને નંદાવ બ્રિજ તોડવાની કામગીરી શરૂ, હલકી ગુણવત્તા અને ભ્રષ્ટાચારના વિસ્ફોટક આરોપોથી તંત્રમાં ભારે ખળભળાટ

પાક્કો ગુજરાત

પ્રજાના પરસેવાની કમાણી અને સરકારી તિજોરીના કરોડો રૂપિયા પાણીમાં વહાવી દેવાનો વધુ એક જીવંત પુરાવો સુરતમાંથી સામે આવ્યો છે. નેશનલ હાઈવે-48 (NH-48) પર માત્ર પાંચ જ વર્ષ પહેલાં લાખો-કરોડોના ખર્ચે તૈયાર કરવામાં આવેલા સાવા અને નંદાવ બ્રિજને હવે બુલડોઝર અને જેસીબી મશીનો મૂકીને તોડી પાડવાની કામગીરી શરુ કરી દેવામાં આવી છે. નવાસવા બ્રિજને આ રીતે તોડવાની નોબત આવતા જ બાંધકામ ક્ષેત્રે થયેલા અસહ્ય ભ્રષ્ટાચાર અને હલકી ગુણવત્તાના કામ સામે અનેક તીખા સવાલો ઉભા થયા છે.





### પુરાણની માટી બેસી ગઇ અને સ્ટ્રક્ચર ખોખલું સાબિત થયું

મળતી વિગતો અનુસાર, બ્રિજના નિર્માણ સમયે કરવામાં આવેલા પુરાણમાં ભારે બેદરકારી દાખવવામાં આવી હતી. યોગ્ય મટીરીયલ અને સાચી ટેકનિક વગર કરાયેલા પુરાણની માટી નીચે બેસી જતાં બ્રિજનું સમગ્ર સ્ટ્રક્ચર નબળું પડી ગયું હતું. માત્ર પાંચ વર્ષના ટૂંકા ગાળામાં જ બ્રિજની ગુણવત્તા પર ગંભીર સવાલો ઊભા થતા વાહનચાલકોના જીવનું જોખમ વધી ગયું હતું. અકસ્માત કે કોઈ મોટી દૂર્ઘટના સર્જાય તે પહેલાં આખરે તંત્રએ વિવાદિત બ્રિજ તોડી પાડવાની લાચારી દર્શાવવી પડી છે.

### કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની મિલીભગત પર આકરા પ્રહાર

જે બ્રિજ દાયકાઓ સુધી અડીખમ ઊભો રહેવો જોઈએ, તે માત્ર પાંચ વર્ષમાં તોડી પાડવો પડે તે કોન્ટ્રાક્ટરો અને હાઈવે ઓથોરિટીના ભ્રષ્ટ અધિકારીઓની મિલીભગતનો ખુલ્લો પુરાવો છે. સ્થાનિકો અને વિપક્ષો આકરા આક્ષેપો કરી રહ્યા છે કે:

બ્રિજ બનતી વખતે સુપરવિઝન કરનારા એન્જિનિયરો અને અધિકારીઓ ત્યારે શું ઊંઘતા હતા?

હલકી કક્ષાનું મટીરીયલ અને નબળી માટી વાપરનાર કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી ક્યારે થશે?

પ્રજાના ટેક્સના કરોડો રૂપિયાનો આંધળો વ્યય કરનારા ચમરબંધીઓ પાસેથી આ નુકસાની વસૂલવામાં આવશે કે કેમ?

### હાઈવે પર વાહનચાલકો ભારે પરેશાન

એકતરફ બ્રિજ તોડવાની કામગીરીને કારણે NH-48 પર ટ્રાફિક જામની વિકટ સમસ્યા સર્જાઈ રહી છે, જેનાથી વાહનચાલકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. બીજી તરફ, નવો બ્રિજ બનતા સુધી આ રસ્તા પર અકસ્માતનો ભય સતત તોળાતો રહેશે.

### પાક્કો ગુજરાતનો સીધો સવાલ

શું માત્ર બ્રિજ તોડી નાખવાથી તંત્ર પોતાની જવાબદારીમાંથી છટકી જશે? જે ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓના ખિસ્સા ભરાયા છે, તેમની સામે કાયદેસરની જેલભેગા કરવાની કાર્યવાહી થશે કે પછી દર વખતની જેમ કાગળ પર તપાસના નાટકો કરીને મામલો રફેદફે કરી દેવાશે? પ્રજા હવે આ ભ્રષ્ટાચારીઓ સામે કડકમાં કડક પગલાંની માગ કરી રહી છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

પાક્કો ગુજરાત
મંગળવાર | 01 સપ્ટેમ્બર 2026 | અમદાવાદ

### કોંગ્રેસના કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો

# અદાણીના ફાયદા માટે 'સમુદ્ર મંથન' કે 84 હજાર કરોડનો ખેલ : શક્તિસિંહ ગોહિલ

### પૌરાણિક કથાનો સંદર્ભ આપતા તેમણે કહ્યું કે આ યોજનારૂપી સમુદ્ર મંથનથી દેશની સામાન્ય જનતાના ભાગે મોંઘવારી અને ઝેર આવશે



ગાંધીનગર

કોંગ્રેસના વરિષ્ઠ નેતા, એઆઈસીસીના રાષ્ટ્રીય પ્રવક્તા અને પૂર્વ રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલે અખબારી યાદી જાહેર કરીને કેન્દ્રની ભાજપ સરકાર પર ગંભીર આક્ષેપો કર્યા છે. ગોહિલે આક્ષેપ કર્યો છે કે કેન્દ્ર સરકારની નવી 'સમુદ્ર મંથન યોજના' દેશના હિત માટે નહીં પરંતુ માત્ર તેમના મિત્ર અદાણીને આર્થિક ફાયદો પહોંચાડવા માટે બનાવવામાં આવી છે.

શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે ભાજપ સરકારની નીતિઓ દેશના વિકાસ, યુવાનોની રોજગારી કે ખેડૂતોના કલ્યાણ માટે નથી, પરંતુ માત્ર પોતાના કોર્પોરેટ મિત્રોના ખિસ્સા ભરવા માટે છે. પૌરાણિક કથાનો સંદર્ભ આપતા તેમણે કહ્યું કે આ યોજનારૂપી સમુદ્ર મંથનથી દેશની સામાન્ય જનતાના ભાગે મોંઘવારી અને ઝેર આવશે, જ્યારે અમૃતનો તમામ હિસ્સો અદાણી જૂથને ધરી દેવામાં આવી રહ્યો છે.

કોંગ્રેસ પ્રવક્તાએ યોજનાની નાણાકીય વિગતો સામે મૂકતા નીચે મુજબના મુખ્ય મુદ્દાઓ રજૂ કર્યા છે: 1 ઓગસ્ટે કેબિનેટ દ્વારા મંજૂર કરાયેલી આ યોજનાનું કુલ બજેટ 84,084 કરોડ રૂપિયા છે, જે 2031 સુધીમાં ખાનગી કંપનીઓને ચૂકવવામાં આવશે.

સમુદ્રમાં તેલ કે ગેસની શોધ માટે ખોદવામાં આવતા પ્રતિ કૂવા દીઠ આશરે 675 કરોડ રૂપિયાનો ખર્ચ દર્શાવાયો છે, જેના 50 ટકા (એટલે કે સીધા સરકારી નાણાં) ખાનગી ઉદ્યોગપતિઓને અપાશે. સમુદ્રની વચ્ચે કૂવો બન્યો છે કે નહીં, કેટલો ઊંડો છે તે કોઈ સામાન્ય નાગરિક જોઈ શકતો નથી. ગોહિલના મતે આ ડર વગરના ભ્રષ્ટાચારનું નવું મોડેલ છે. ભૂતકાળનો ઉલ્લેખ કરતા ગોહિલે જણાવ્યું કે જ્યારે નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે GSPC (ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન)માં 27,000 કરોડ રૂપિયાનું કૌભાંડ થયું હતું. CAGના અહેવાલમાં પણ ખુલાસો થયો હતો કે સમુદ્રમાં કૂવા માત્ર કાગળ પર હતા અને તેલનું એક ટીપું પણ મળ્યું નહોતું. હવે એ જ મોડેલ રાષ્ટ્રીય સ્તરે પુનરાવર્તિત કરવામાં આવી રહ્યું છે.

## ખાલીખમ ડેમમાં ન્હાવા પર પ્રતિબંધનું વિચિત્ર જાહેરનામું

### કોંગ્રેસના 'દુષ્કાળગ્રસ્ત ક્રિકેટ કપ'ને રોકવા ભાજપ સરકારનો કીમિયો? પાલભાઈ આંબલિયાના તીખા પ્રહારો!

રાજકોટ

ગુજરાતમાં દુષ્કાળ જેવી પરિસ્થિતિ અને પાણીના પોકાર વચ્ચે હવે રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. ખેડૂત નેતા અને કોંગ્રેસ અગ્રણી પાલભાઈ આંબલિયાએ કેન્દ્ર અને રાજ્યની ભાજપ સરકાર સામે અત્યાર સુધીનો સૌથી ઘાતક અને કટાક્ષપૂર્ણ હુમલો બોલાવ્યો છે. સરકારે ખાલીખમ ડેમોમાં 'ન્હાવા ન જવા' અંગે બહાર પાડેલા વિચિત્ર જાહેરનામાને પાલભાઈ આંબલિયાએ સરકારની ડરપોક માનસિકતા અને પોતાની નિષ્ફળતા છુપાવવાનો કીમિયો ગણાવ્યો છે. પાલભાઈ આંબલિયાએ સણસણતો પ્રશ્ન ઉઠાવતા જણાવ્યું છે કે, જે ડેમો તળિયાઝાટક છે, જ્યાં પીવાના કે સિંચાઈના પાણીનું એક ટીપું પણ બચ્યું નથી, ત્યાં લોકો ન્હાવા કઈ રીતે જઈ શકે? અને પાણી જ ન હોય તો કોઈ માણસ ડૂબી કેવી રીતે જાય? તેમણે આરોપ લગાવ્યો છે કે આ જાહેરનામું લોકોની સુરક્ષા માટે નહીં, પરંતુ સરકારની પોલ ખુલતી રોકવા માટે બહાર પાડવામાં આવ્યું છે. જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સૂકાભઠ્ઠ અને ખાલી પડેલા ડેમના તળિયે આયોજિત 'દુષ્કાળગ્રસ્ત ક્રિકેટ કપ' રમાડવાનું નક્કી કરાયું હતું. આ અનોખી ટુર્નામેન્ટમાં રમવા માટે ૧૦૯ જેટલી ટીમો નોંધાઈ ચૂકી હતી અને હજારોની સંખ્યામાં સ્થાનિક લોકો આ મેચ જોવા એકઠા થવાના હતા. સૂકા ડેમના તળિયે ક્રિકેટ રમાય તો સરકારના 'જળ સંચય' અને વિકાસના મોટા મોટા દાવાઓના ધજાગરા ઉડી જાય તેમ હતા.

## ભાયલી ગેંગરેપ કેસમાં ઐતિહાસિક ન્યાય: પાંચેય હેવાનોને અંતિમ શ્વાસ સુધીની સજા, વડોદરા પોક્સો કોર્ટનો સણસણતો ચુકાદો!

વડોદરા

સમગ્ર ગુજરાતને હચમચાવી મુકનારા અને નવરાત્રિની રાત્રે ખેલાયેલા ભયાનક ભાયલી ગેંગરેપ કેસમાં વડોદરાની સ્પેશિયલ પોક્સો કોર્ટે ઐતિહાસિક અને દાખલારૂપ ચુકાદો આપ્યો છે. વર્ષ ૨૦૨૪માં બીજા નોરતાની રાત્રે ગરબે રમીને પરત ફરી રહેલી સગીરા પર સામૂહિક દુષ્કર્મ આચરનારા પાંચેય આરોપીઓને અંતિમ શ્વાસ સુધીની સખત આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે.

કોર્ટે તમામ આરોપીઓ પર આકરો દંડ પણ ફટકાર્યો છે. આ ચુકાદાથી પીડિતા અને તેના પરિવારજનોને આખરે ન્યાય મળ્યો છે, જ્યારે સમાજમાં નરાધમો માટે એક મોટો કાયદાકીય કોરડો વીંઝાયો છે.

ઓક્ટોબર ૨૦૨૪માં નવરાત્રિના બીજા નોરતાની રાત્રે ભાયલી વિસ્તારમાં ગરબા રમીને પોતાના મિત્ર સાથે પરત ફરી રહેલી ૧૬ વર્ષની સગીરાને આ નરાધમોએ અવાવરૂ જગ્યાએ ઘેરી લીધી હતી.

આરોપી મુન્ના અબ્બાસ બંજારા, મમતાજ ઉર્ફે આફતાબ બંજારા, શાહરૂખ બંજારા, સૈફ અલી બંજારા અને અજમલ બંજારા નામના પાંચેય હેવાનોએ બાઇક પર આવીને સગીરા અને તેના મિત્રને ધમકાવ્યા હતા.

વાહનની ચાવી ઝૂંટવી લઈ, પરિવારને જાણ કરી દેવાની ધમકી આપીને સગીરાના મિત્રને માર માર્યો હતો અને માસૂમ સગીરા પર પાંચેય જણાએ વારાફરતી સામૂહિક દુષ્કર્મ ગુજાર્યું હતું.

ઘટના બાદ સમગ્ર વડોદરા સહિત આખા ગુજરાતમાં રોષનો જ્વાળામુખી ફાટી નીકળ્યો હતો. વડોદરા પોલીસે તાત્કાલિક એક્શનમાં આવીને તાંદલજા વિસ્તારના રહેવાસી આ પાંચેય આરોપીઓની ધરપકડ કરી હતી.


### પંથકમાં મોંઘવારીનો અસહ્ય માર

## ગરીબોની કસ્તુરી ગણાતી ડુંગળીના ભાવ અચાનક આસમાને પહોંચતા ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

ડભોઈ

ડભોઈ શહેર સહિત સમગ્ર તાલુકામાં મોંઘવારીનો રાક્ષસ દિવસેને દિવસે વધુ વિકરાળ બની રહ્યો છે. પેટ્રોલ, ડીઝલ અને જીવનજરૂરી કરિયાણાના ભાવમાં થઈ રહેલા સતત વધારા વચ્ચે હવે શાકભાજીના ભાવમાં પણ ભડકો થયો છે. રસોડાની ઓળખ અને ગરીબોની કસ્તુરી ગણાતી ડુંગળીના ભાવમાં અચાનક તોતિંગ વધારો ઝીંકાતા સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારોની કમર ભાંગી ગઈ છે.

થોડા સમય પહેલા સુધી જે ડુંગળી સ્થાનિક શાકમાર્કેટમાં પ્રતિ કિલો ૨૦ થી ૩૦ના સામાન્ય ભાવે આસાનીથી મળી રહેતી હતી, તે જ ડુંગળીના ભાવ આજે કુદકે ને ભૂસકે વધીને સીધા ૭૦ થી ૮૦ પ્રતિ કિલો સુધી પહોંચી ગયા છે. માત્ર થોડા જ દિવસોમાં ભાવમાં ડબલ કરતાં પણ વધુ ઉછાળો આવતા ગૃહિણીઓ ખરીદી કરતી વખતે ભારે મૂંઝવણમાં મુકાઈ છે.



ગુજરાતી આહારમાં ડુંગળી એક અનિવાર્ય ઘટક છે. રોજિંદા કોઈ પણ શાકનું શાક બનાવવું હોય, દાળ-કઢીનો વઘાર કરવો હોય કે પછી કાચા સલાડ તરીકે ઉપયોગ કરવો હોય, ડુંગળી વગર રસોઈ અધૂરી ગણાય છે. પરંતુ આ અસહ્ય ભાવવધારાએ સામાન્ય પરિવારના રસોડાનો સ્વાદ સાવ બગાડી નાખ્યો છે. રસોડાનું માસિક બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ જતાં ગૃહિણીઓ હવે જરૂરિયાત કરતા ખૂબ જ ઓછી માત્રામાં ડુંગળી ખરીદવા મજબૂર બની છે. સ્થાનિક શાકભાજીના વેપારીઓના જણાવ્યા મુજબ, પાછળથી જ મુખ્ય આવકમાં મોટો ઘટાડો નોંધાયો છે. હોલસેલ માર્કેટ અને મંડીઓમાંથી આવતી ડુંગળીની આવક ઘટી જવાથી તથા પુરવઠો મર્યાદિત હોવાને કારણે રિટેલ માર્કેટમાં આટલો મોટો ભાવવધારો જોવા મળી રહ્યો છે. આવનારા દિવસોમાં જો નવી આવક શરૂ નહીં થાય તો ભાવ હજુ પણ વધી શકે તેવી શકયતાઓ વ્યક્ત કરાઈ રહી છે. એકતરફ મોંઘવારીનો માર અને બીજી તરફ ડુંગળીના આસમાને પહોંચેલા ભાવે હવે ગરીબ અને મધ્યમ વર્ગ માટે ઘર ચલાવવું એક બહુ મોટો પડકાર બનાવી દીધો છે. જે ડુંગળી પહેલા ગરીબોનો આશરો ગણાતી હતી, તે જ ડુંગળી આજે મોંઘીદાટ બનીને સામાન્ય માનવીની આંખમાં ખરા અર્થમાં આંસુ લાવી રહી છે. પ્રજા હવે સરકાર પાસે મોંઘવારી પર લગામ લગાવવાની અને રાહત આપવાની માગ કરી રહી છે.

## જયેશ રાઠોડને મહીપતસિંહ ચૌહાણ બાપુનો ખુલ્લો પડકાર

### "આવી જા, પુરાવા લઈને આવ... પૈસા લઇ જા, હું અપાવીશ!"

નડિયાદ/ખેડા

ખેડા જિલ્લાના વસો-નડિયાદ પંથકના રાજકારણ અને સામાજિક વર્તુળોમાં અત્યારે મહીપતસિંહ ચૌહાણ બાપુ અને જયેશ રાઠોડ વચ્ચેનો વાગ્બાણ યુદ્ધ ચર્ચાનો મોટો વિષય બન્યો છે. છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા આક્ષેપ-પ્રતિઆક્ષેપ અને વિવાદમાં હવે વધુ એક ધમાકેદાર વળાંક આવ્યો છે. મહીપતસિંહ ચૌહાણ બાપુએ વિરોધી પક્ષના જયેશ રાઠોડને સીધો અને ખુલ્લો પડકાર ફેંકીને ખળભળાટ મચાવી દીધો છે.

બંને વચ્ચે ચાલી રહેલી તંગદિલી વચ્ચે મહીપતસિંહ ચૌહાણ બાપુનું એક નવું નિવેદન સોશિયલ મીડિયા પર અને સ્થાનિક વર્તુળોમાં ભારે વાયરલ થઈ રહ્યું છે. બાપુએ આકરા અને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે:

ઓપન ચેલેન્જ: "આવી જા, નકામા આક્ષેપો કરવાનો કોઈ અર્થ નથી. જો તાકાત હોય તો કાગળ અને પુરાવા સાથે લઈને સામે આવ!" પૈસા અપાવવાની ખાતરી: "તમારી પાસે જે પણ હિસાબ કે પુરાવા હોય તે રજૂ કરો, તમારા પૈસા હું ખુદ તમને અપાવીશ!" બાપુના આ ખુલ્લા પડકાર બાદ ખેડા જિલ્લાના રાજકીય માહોલમાં ભારે ગરમાવો આવી ગયો છે.

મહીપતસિંહ ચૌહાણ બાપુ અને જયેશ રાઠોડ વચ્ચે છેલ્લા કેટલાક સમયથી વિવિધ મુદ્દાઓ અને વ્યવહારોને લઈને ટકરાવ ચાલી રહ્યો છે. એક તરફ જયેશ રાઠોડ દ્વારા સતત વિરોધ અને આક્ષેપો કરવામાં આવી રહ્યા છે, તો બીજી તરફ મહીપતસિંહ બાપુએ ખુલ્લેઆમ સામસામે આવીને પુરાવા સાથે વાત કરવાની વાત કરી પોતાની પકડ મજબૂત દર્શાવી છે.

હવે આ સણસણતા પડકાર બાદ સમગ્ર વસો-નડિયાદ અને ખેડા પંથકની નજર જયેશ રાઠોડના આગામી પગલાં પર ટકેલી છે.

### માંઘરોલી-ધૂમળા ગામમાં ક્રાઈમ બ્રાન્ચનો સપાટો

## ચકલાસી પોલીસ ઊંઘતી રહી ને ખેડા-નડિયાદ LCBએ જુગારધામ પર પાડી રેડ!

નડિયાદ

ખેડા જિલ્લામાં ધમધમતા અડ્ડાઓ પર સ્થાનિક પોલીસનો કોઈ જ ખોફ ન રહ્યો હોય તેમ જુગારીઓ બેફામ બન્યા છે. જોકે, ચકલાસી પોલીસ સ્ટેશનની હદમાં ચાલતા જુગારધામ પર ખેડા-નડિયાદ ક્રાઈમ બ્રાન્ચે (LCB) ત્રાટકીને ગુનાખોરોમાં ફફડાટ મચાવી દીધો છે. માંઘરોલી ધૂમળા વિસ્તારમાંથી હાર-જીતનો જુગાર રમતા શખ્સોને મુદ્દામાલ સાથે દબોચી લેવામાં આવ્યા છે.

મળતી વિગતો મુજબ, ચકલાસી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા માંઘરોલી ધૂમળા ગામમાં મોટા પાયે પાના-પત્તાનો જુગાર રમાઈ રહ્યો હોવાની ચોક્કસ બાતમી ખેડા-નડિયાદ ક્રાઈમ બ્રાન્ચને મળી હતી. સ્થાનિક પોલીસને અંધારામાં રાખીને LCBની ટીમે માંઘરોલી ધૂમળા વિસ્તારમાં છાપો માર્યો હતો. પોલીસને જોઈને જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી, પરંતુ LCBની ચાંપતી નજરે ઘેરાબંધી કરીને જુગારીઓને રંગેહાથ ઝડપી લીધા હતા.



પોલીસે ઘટનાસ્થળેથી દાવ પર રાખેલી રોકડ રકમ, જુગારનું સાહિત્ય તેમજ અન્ય સામગ્રી મળી કુલ રૂ. ૧૬,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. પકડાયેલા જુગારીઓ સામે ચકલાસી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરીને કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ચકલાસી પોલીસ સ્ટેશનની હદમાં જ ખુલ્લેઆમ જુગારધામ ચાલતું હોય અને સ્થાનિક પોલીસને તેની ગંધ પણ ન આવે, પરંતુ નડિયાદ ક્રાઈમ બ્રાન્ચ આવીને રેડ પાડે - તે બાબત ચકલાસી પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઊભા કરે છે. શુ સ્થાનિક પોલીસના આશીર્વાદથી આ અડ્ડાઓ ચાલી રહ્યા હતા? તેવા ચર્ચાના વંટોળ સ્થાનિક વિસ્તારમાં શરૂ થયા છે.

ખેડા-નડિયાદ ક્રાઈમ બ્રાન્ચની આ સફળ રેડ બાદ સમગ્ર વિસ્તારના અસામાજિક તત્વો અને જુગારના અડ્ડા ચલાવનારાઓમાં ભારે સન્નાટો વ્યાપી ગયો છે.

## 'દિવ્ય આત્માઓને પરમ શાંતિ મળે'... અંકલેશ્વરમાં નેપાળ દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ

અંકલેશ્વર

નેપાળમાં સર્જાયેલી દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોની આત્માની શાંતિ માટે અંકલેશ્વર જીઆઈડીસી સિનિયર સિટીઝન હોલ ખાતે બ્રહ્માકુમારીઝ દ્વારા વિશેષ શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અંકલેશ્વર જીઆઈડીસી બ્રહ્માકુમારીઝ સેન્ટરના અનિલા દીદી અને યોગીની દીદીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં નેપાળ દુર્ઘટનામાં જીવ ગુમાવનાર મૃતકોની દિવ્ય આત્માને પરમપિતા શિવ પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સૌએ મૌન પાળીને મૃતકોને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે સિનિયર સિટીઝન યોગ હોલ ખાતે મોટી સંખ્યામાં સિનિયર સિટીઝનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી તેમના પરિવારજનોને આ દુ:ખદ ઘડીમાં હિંમત મળે અને દિવંગત આત્માઓને શાંતિ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના કરી હતી. શ્રદ્ધાંજલિ કાર્યક્રમ દરમિયાન સમગ્ર વાતાવરણ ભાવુક બની ગયું હતું અને આધ્યાત્મિક પ્રાર્થના સાથે મૃતકોને અંતિમ નમન કરવામાં આવ્યું હતું.

### ગેરકાયદેસર હથિયારો સાથે ભાવેશ ઝીલીયાની ધરપકડ!

## મહેસાણામાં ગેંગવોર અને અંધાધૂંધ ફાયરિંગ બાદ પોલીસનો સપાટો

મહેસાણા

મહેસાણામાં ગઈકાલે બે જૂથો વચ્ચે સામસામે થયેલા ભયાનક ગેંગવોર અને જાહેર રોડ પર અંધાધૂંધ ફાયરિંગની સનસનાટીભરી ઘટના બાદ પોલીસ એક્શન મોડમાં આવી ગઈ છે. કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાડતા આ હિંસક બનાવમાં મહેસાણા પોલીસે મોટી કાર્યવાહી કરીને ગેરકાયદેસર હથિયાર રાખવા બાબતે ભાવેશ ઝીલીયાની ધરપકડ કરી લીધી છે. આ ધરપકડ બાદ ગુનાખોરીની દુનિયામાં ભારે સન્નાટો વ્યાપી ગયો છે.

મળતી વિગતો મુજબ, મહેસાણા ક્ષેત્રમાં જૂની અદાવત અને વર્ચસ્વની લડાઈમાં જોરાવરસિંહ દરબાર (કટોસણ સ્ટેટ) અને સામેના જૂથ વચ્ચે બજાર વચ્ચે આમને-સામને હિંસક અથડામણ થઈ હતી: ઘર્ષણ દરમિયાન જોરાવરસિંહે રિવોલ્વર/પિસ્તોલમાંથી હવામાં અને સામેના જૂથ પર ધડાધડ ફાયરિંગ કર્યું હતું, જેનાથી આસપાસના વેપારીઓ અને રાહદારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી.

ગેંગવોર દરમિયાન સ્કોર્પિયો સહિતના વાહનોના કાચ ફોડી નાખી તોડફોડ કરવામાં આવી હતી અને રસ્તા પર ફિલ્મી ઢબે આતંક મચાવવામાં આવ્યો હતો.

દરબાર અને રબારી જૂથના આમને-સામને આવેલા તત્વોના કારણે કટોસણ રોડ અને આસપાસનો વિસ્તાર ઘડીભર માટે રણમેદાનમાં ફેરવાઈ ગયો હતો. બનાવની ગંભીરતાને ધ્યાને રાખીને ગૃહમંત્રી હર્ષ સંઘવીની સૂચના અને ઉચ્ચ પોલીસ અધિકારીઓના આદેશથી પોલીસે અલગ-અલગ ટીમો બનાવી દરોડા પાડ્યા હતા. આ તપાસ દરમિયાન ગેરકાયદેસર પ્રાણઘાતક હથિયારો સાથે રાખીને હિંસા ભડકાવવામાં સામેલ ભાવેશ ઝીલીયાને પોલીસે ઝડપી પાડ્યો છે.

જોરાવરસિંહ અને ભાણુભા સહિત આ ગેંગવોરમાં સામેલ અન્ય મુખ્ય સાગરીતોને દબોચી લેવા માટે મહેસાણા પોલીસ અને એલસીબી (LCB) ની ટીમોએ સંભવિત અડ્ડાઓ પર સઘન સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે.

પોલીસે સીસીટીવી ફુટેજ અને વાયરલ વીડિયોના આધારે વધુ આરોપીઓની ઓળખ છતી કરીને કાયદેસરની કડક કાર્યવાહી શરૂ કરી છે.

### દાંતા બજારમાં તસ્કરોનો ભારે ઉત્પાત

## એક જ રાત્રે 5 સ્થળોએ ચોરી, પોલીસના નાઇટ પેટ્રોલિંગના દાવાઓના ધજાગરા!!

બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લાના દાંતા બજારમાં ગત રાત્રે ખાખીના ખોફ વગર તસ્કરોએ ભારે મચાવ્યો છે. એક જ રાતમાં એકસાથે પાંચ જેટલી દુકાનો અને હોટલને નિશાન બનાવી ચોરીની ઘટનાને અંજામ અપાતા સમગ્ર વેપારી આલમ અને સ્થાનિકોમાં ભારે રોષ અને ચકચાર મચી ગઈ છે.

અજાણ્યા તસ્કરોએ હોટલ તેમજ અલગ-અલગ પાર્લર અને દુકાનોના પતરાં તોડીને અંદર પ્રવેશ કર્યો હતો. પ્રાથમિક માહિતી મુજબ તસ્કરો ગલ્લામાંથી આશરે ૨૫,૦૦૦ થી ૩૦,૦૦૦ ની રોકડ રકમ ચોરીને આસાનીથી ફરાર થઈ



ગયા હતા. ચોરીની આ સમગ્ર કાળી કરતૂત નજીકમાં લાગેલા સીસીટીવી (CCTV) કેમેરામાં કેદ થઈ ગઈ છે. એક જ રાતમાં અને એક જ બજારમાં સળંગ પાંચ સ્થળોએ ચોરી થઈ જાય અને પોલીસને ગંધ પણ ન આવે, તે બાબત દાંતા પોલીસના રાત્રિ પેટ્રોલિંગ પર બહુ મોટા સવાલ ઊભા કરે છે. વેપારીઓની સુરક્ષા રામ ભરોસે: ભરચક બજારમાં તસ્કરો પતરાં તોડીને ચોરી કરી જાય છતાં ખાખી વાન કે જવાનોનો કોઈ પતો ન હતો. ઘટનાની જાણ થતાં જ વેપારીઓએ દાંતા પોલીસ સ્ટેશનમાં દોડી જઈ રજૂઆત કરી હતી, જેના પગલે પોલીસે સ્થળ પર પહોંચી સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરોની ઓળખ મેળવી આગળની તપાસ હાથ ધરી છે. પરંતુ સવાલ એ છે કે શું માત્ર સીસીટીવી તપાસવાથી વેપારીઓનો ભય દૂર થશે? 'પાક્કો ગુજરાત' માંગ કરે છે કે દાંતા પોલીસ તાત્કાલિક ધોરણે તસ્કરોની ધરપકડ કરે અને બજારમાં વેપારીઓની સુરક્ષા માટે ખાતરીપૂર્વકનું રાત્રિ પેટ્રોલિંગ શરૂ કરે.

### સમગ્ર ગામમાં ભારે તંગદિલી વચ્ચે પોલીસ છાવણીમાં ફેરવાયું ટુંડેલ

## ટુંડેલમાં જૂની અદાવતમાં લોહિયાળ ખેલ: કુવાવાળા ફળિયામાં મહેશ ગોહેલની નિર્મમ હત્યાથી ખળભળાટ!

નડિયાદ

ખેડા જિલ્લાના વસો તાલુકામાં આવેલા ટુંડેલ ગામમાં કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાવતી એક સનસનાટીભરી ઘટના સામે આવી છે. ટુંડેલ ગામના 'કુવાવાળું ફળિયા'માં જૂની વેર-અદાવતનો આંતરપ્રવાહ અચાનક લોહિયાળ બન્યો હતો, જેમાં મહેશભાઈ ગોહેલ નામના આધેડ/યુવકની કરપીણ હત્યા કરી દેવામાં આવતાં સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ભારે ચકચાર મચી ગઈ છે.

મળતી પ્રાથમિક વિગતો મુજબ, ટુંડેલ ગામના કુવાવાળા ફળિયામાં રહેતા મહેશભાઈ ગોહેલને જૂની બાબતે કેટલાક સ્થાનિક શખ્સો સાથે અદાવત ચાલી રહી હતી. આ જ વૈમનસ્યમાં આજે હુમલાખોરોએ ઘાતક પ્લાન બનાવી મહેશભાઈને આંતરી લીધા હતા. તીવ્ર બોલાચાલી બાદ આવેશમાં આવેલા હુમલાખોરોએ તીક્ષ્ણ અને પ્રાણઘાતક હથિયારો વડે મહેશભાઈ પર તૂટી પડીને ઉપરાઉપરી ઘા ઝીંકી દીધા હતા. લોહીલુહાણ હાલતમાં ઢળી પડેલા મહેશભાઈનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું.

બનાવની જાણ થતાં જ આસપાસના લોકોના ટોળાં ઉમટી પડ્યા હતા અને ઘટનાને પગલે ટુંડેલ ગામમાં ભારે તંગદિલીનો માહોલ સર્જાયો હતો. બનાવની ગંભીરતાને ધ્યાને લઈને વસો પોલીસ સ્ટેશનનો ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો મોટો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

પોલીસે મૃતદેહનો કબજો મેળવી પંચનામું કરી પીએમ (પોસ્ટમોર્ટમ) અર્થે સરકારી હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરી છે. આ ઉપરાંત કોઈ અપ્રિય બનાવ ના બને તે માટે કુવાવાળા ફળિયા સહિત સમગ્ર ગામમાં ચુસ્ત બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો છે.

વસો પોલીસે હત્યાનો ગુનો નોંધીને આરોપીઓને દબોચી લેવા માટે અલગ-અલગ ટીમો બનાવી સઘન નાકાબંધી અને રેડ શરૂ કરી દીધી છે.


## તંત્રી લેખ...

# આધુનિકતા કે માનસિક વિકૃતિ? 'વાઈફ સ્વેપિંગ' અને ઓનલાઇન અંધારા ખૂણાઓમાં લરાતો લગ્ન સંસ્થાનો બલી!

આજના આધુનિક યુગમાં સોશિયલ મીડિયા અને ડિજિટલ ટેકનોલોજી જેટલી ઉપયોગી સાબિત થઈ રહી છે, તેટલો જ તેનો એક અત્યંત કાળો અને વાસનાયુક્ત ચહેરો પણ સામે આવી રહ્યો છે. ભારતીય સંસ્કૃતિમાં લગ્ન એ માત્ર એક કરાર નહીં પરંતુ સાત જન્મોનો પવિત્ર સંબંધ ગણાય છે. પરંતુ આજના 'હાઈફાઈ' સોસાયટી કલ્ચર અને ઓનલાઇન સીક્રેટ ગ્રૂપ્સની આડમાં એક એવો વિકૃત ખેલ ખેલાઈ રહ્યો છે જેણે નૈતિક પતનની તમામ સીમાઓ પાર કરી દીધી છે.

## ઓનલાઇન ગ્રૂપોનું કાળું બજાર: 'બ્રોડમાઈન્ડેડ' શબ્દ પાછળ વાસનાનું નેટવર્ક

સોશિયલ મીડિયા અને ખાસ કરીને ટેલિગ્રામ (Telegram) જેવા ડિજિટલ પ્લેટફોર્મ પર "Wife Swapping India", "Wife Swapping Gujarat", "Couples Swapping Club" અને "Real Meet Gujarat" જેવા નામોથી પબ્લિક અને પ્રાઈવેટ ગ્રૂપો ધમધમી રહ્યા છે.



ચમકતા શબ્દોનો ખેલ: 'હાઈલી બ્રોડમાઈન્ડેડ કપલ', 'નો સોશિયલ કોમ્પ્લીકેશન્સ' અને 'ઓપન રિલેશનશિપ' જેવા ભ્રામક શબ્દોનો ઉપયોગ કરીને જાહેરાતો મૂકવામાં આવે છે.

બોલી અને ખરીદ-વેચાણ: આ સીક્રેટ ગ્રૂપોમાં લોકો પોતાના જીવનસાથીના ફોટા અને વિગતો શેર કરીને બીજા કપલ્સ સાથે 'જિસ્મની અદલાબદલી' (Wife Swapping) માટે વાટાઘાટો કરે છે.

ડિજિટલ કાળો કારોબાર: ઓનલાઇન માધ્યમો હવે વિકૃત માનસિકતા ધરાવતા લોકો માટે અડ્ડો બની ગયા છે, જ્યાં વિશ્વાસ અને મર્યાદાની ખુલ્લેઆમ હરાજી થાય છે.

## માસ્ક પહેરેલી પ્રાઈવેટ ક્લબો: સ્ટેટસના નામે અંધારા ખૂણાનો ખેલ

મોટા શહેરોના પોશ વિસ્તારો, ફાર્મહાઉસ અને ગુપ્ત રિસોર્ટ્સમાં આવી પ્રાઈવેટ ક્લબો ચલાવવામાં આવે છે. જ્યાં મોઢા પર 'મોહોરાં' (Masks) પહેરીને ભેગા થતા લોકો અંધારા રૂમમાં પોતાના પાર્ટનર બદલી નાખે છે. પૈસા, પ્રોપર્ટી અને સ્ટેટસના અહંકારમાં અંધ થયેલા ચોક્કસ વર્ગ માટે આ હવે 'લાઈફસ્ટાઈલ' કે 'શોખ' બની રહ્યો છે.

સંમતિ માત્ર ભ્રમ: દબાણ, શારીરિક શોષણ અને બ્લેકમેલિંગ આ કાળા કારોબારમાં સૌથી દર્દનાક પાસું મહિલાઓનું શોષણ છે.

1. પત્નીઓ પર અસહ્ય દબાણ: સ્વચ્છંદી માનસિકતા ધરાવતા પતિઓ પોતાની પત્નીઓને આવી વિકૃતિમાં જોડાવા માટે માનસિક અને શારીરિક રીતે મજબૂર કરે છે.
2. બ્લેકમેઈલ અને નશો: ના પાડનાર મહિલાઓને નશાકારક પદાર્થો આપીને અથવા ખાનગી વિડીયો-ફોટોગ્રાફ્સથી બ્લેકમેઈલ કરીને આ ગંદકીમાં ધકેલવામાં આવે છે.
3. લગ્નનો માત્ર નકાબ: સમાજમાં પરણેલા હોવાનું નાટક કરી પાછળથી પોતાના જ મિત્રો કે અજાણ્યા લોકો પાસે પત્નીનું શોષણ કરાવવામાં આવે છે.

ઓપન મેરેજ નહીં, પણ સામાજિક વિનાશનો માર્ગ!

જે બાબત શરૂઆતમાં માત્ર કૌતુક, ફેશન કે સંકોચથી શરૂ થાય છે, તે ધીમે ધીમે માનસિક રોગ અને ઝેરની જેમ મગજમાં ઘર કરી જાય છે. જ્યારે સંસ્કૃતિ, મર્યાદા અને પવિત્રતાનો વેપાર ઓનલાઇન ગ્રૂપોમાં ખુલ્લેઆમ થવા લાગે, ત્યારે સમજવું કે સમાજ એક ભયાનક વિનાશ તરફ ધકેલાઈ રહ્યો છે.

## પાક્કો ગુજરાત ન્યૂઝ વિચાર

શું પોતાના જીવનસાથીને બીજાના હાથમાં સોંપી દેવાની આ વિકૃતિને તમે 'આધુનિક વિચારસરણી' કે 'બ્રોડમાઈન્ડેડનેસ' ગણશો કે પછી આ કળિયુગની અને નૈતિક અધોગતિની પરાકાષ્ઠા છે? સમય આવી ગયો છે કે સાયબર ક્રાઈમ અને પોલીસ તંત્ર આવા કાળા ઓનલાઇન નેટવર્કો પર ડિજિટલ સર્જિકલ સ્ટ્રાઈક કરે.

- ગ્રુપ એડિટર પવન માકન

# ઈશ્વર સુધી પહોંચવાની ખરી લાઇન: મંદિરની કતાર કે માનવતાની સેવા? (લાગવગ કે લાગણી?)

આજના સમયમાં મંદિરોની બહાર કિલોમીટરો લાંબી કતારો જોવા મળે છે. એ ભીડ વચ્ચે માણસ અધીરો બનીને VIP પાસ કે ઓળખાણની 'લાગવગ' શોધતો ફરે છે જેથી લાઈન તોડીને જલ્દી આગળ નીકળી શકાય. પૈસા અને વગથી મેળવેલો આ શૉર્ટકટ શરીરને થોડી ક્ષણો માટે ગર્ભગૃહની નજીક તો લઈ જાય છે, પણ સવાલ એ છે કે શું એનાથી ઠાકોરજી સાથેનું અંતર ખરેખર ઘટે છે?

પરમાત્મા કોઈ ધનવાન કે વિશેષાધિકાર ધરાવતા વ્યક્તિના મોહતાજ નથી. ઠાકોરજીના દરબારમાં પાકીટનું વજન કે લાગવગ નહીં, માત્ર હૃદયની 'લાગણી' અને શુદ્ધ ભાવ જોવાય છે. જો ઈશ્વર સુધી પહોંચવાની લાઈન ખરેખર ટૂંકી કરવી હોય, તો તેનો એકમાત્ર માર્ગ છે: પીડિત, ભૂખ્યા અને જરૂરિયાતમંદ જીવની નિઃસ્વાર્થ સેવા સત્કર્મ.

'જેણે પીડ પરાઈ જાણી રે, વૈષ્ણવ જન તો તેને રે કહીએ...' – નરસિંહ મહેતા

એક સંત મંદિરે ઠાકોરજી માટે થાળ લઈને દર્શન કરવા જઈ રહ્યા હતા. રસ્તામાં એક વૃદ્ધ લાચાર વ્યક્તિ ભૂખ અને તરસથી તરફડતો હતો. સંતે એક ક્ષણ પણ વિચાર્યા વિના થાળીમાં રાખેલાં ફળ અને જળ એ વૃદ્ધને પ્રેમથી જમાડી દીધાં.

જ્યારે તેઓ ખાલી હાથે મંદિરે પહોંચ્યા, ત્યારે પુજારીએ પૂછ્યું, 'મહારાજ, ઠાકોરજી



માટે ભોગ ક્યાં છે?' સંતે હસીને ખૂબ સુંદર જવાબ આપ્યો: 'હું મંદિરે પહોંચું તે પહેલાં જ ઠાકોરજી રસ્તામાં ભૂખ્યા બનીને સામા મળ્યા હતા, અને મેં તેમને તૃપ્ત કરી દીધા!'

આ જ સનાતન સત્ય છે. જ્યારે આપણે કોઈ નિરાધારને આશરો, ભૂખ્યાને અન્ન કે નિરાશ વ્યક્તિને હિંમત આપીએ છીએ, ત્યારે તે સીધો ઠાકોરજીનો જ સત્કાર બને છે.

સેવા અને લાગણી થકી ઈશ્વર સુધીનું અંતર કેમ ક્ષણભરમાં કપાય છે?

(અહંકારનું વિસર્જન)VIP લાઈનમાં ચાલનારના મનમાં 'હું ખાસ છું'નો સુક્ષ્મ અહંકાર જન્મે છે, જ્યારે સેવાનો માર્ગ અહંકારને ઓગાળીને વિનમ્રતા શીખવે છે. જ્યાં અહંકાર શૂન્ય થાય, ત્યાં જ હરિનો સાચો વાસ થાય છે.

નર સેવા એ જ નારાયણ સેવા સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે જીવ માત્રમાં શિવ વસે છે. પથ્થરની મૂર્તિમાં ભાવ રાખવો ઉત્તમ છે, પણ જીવતા જાગતા માણસના આંસુ લૂછવા એ સાક્ષાત પ્રભુની પૂજા છે. કર્મનો પડઘો બીજાના જીવનમાંથી અંધકાર દૂર કરવા જ્યારે તમે એક નાનો દીવો પ્રગટાવો છો, ત્યારે તેનો પહેલો પ્રકાશ તમારા પોતાના અંતઃકરણને અજવાળી દે છે.જે હાથ પ્રાર્થના માટે જોડાય છે તેના કરતાં, જે હાથ કોઈ લાચારને ટેકો આપવા લંબાય છે તે પ્રભુને હજાર ગણા વધુ વહાલા લાગે છે.

બાહ્ય ઠાઠમાઠ, દંભ અને ઓળખાણની લાગવગ માત્ર આંખોને સંતોષ આપી શકે, આત્માને નહીં. જો ઠાકોરજીની સૌથી નજીક બેસવું હોય, તો મંદિરની લાઈન તોડવાની કે લાગવગ લગાવવાની જરૂર નથી; બસ, સાચી લાગણીથી કોઈના આંસુ લૂછીને તેના હૃદયમાં સ્થાન બનાવી લો ઠાકોરજી ત્યાં જ તમારી સામે સાક્ષાત ઊભા હશે.

**દર્શના પટેલ**
(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર

# વાઇટોમો ગુફા : ધરતીની અંદર ઝળહળતું તારામંડળ!



ન્યૂઝીલેન્ડની વાઇટોમો ગુફા કુદરતની એવી અદ્ભુત રચના છે, જ્યાં અંધારી ગુફાની છત પર હજારો ઝળહળતા જીવડાં જાણે આકાશના તારાઓ બનીને ચમકતા હોય તેવું દૃશ્ય સર્જાય છે. ન્યૂઝીલેન્ડના ઉત્તર ટાપુના વાઈકાટો વિસ્તારમાં આવેલી વાઇટોમો ગુફાઓ વિશ્વભરમાં પોતાના 'ગ્લોવોર્મ' માટે જાણીતી છે. લાખો વર્ષ દરમિયાન પાણીના ધોવાણથી બનેલી ચૂનાના પથ્થરની આ ગુફાઓમાં વિશાળ ખડકો, ભૂગર્ભ માર્ગો અને અદ્ભુત કુદરતી રચનાઓ જોવા મળે છે. વાઇટોમોની સૌથી મોટી ખાસિયત છે ગુફાની છત પર ઝળહળતા ગ્લોવોર્મ. અહીં જોવા મળતો જીવ સામાન્ય કીડો નથી, પરંતુ Arachnocampa luminosa નામનો જૈવપ્રકાશી જીવ છે. તે પોતાના શરીરમાંથી નીકળતા પ્રકાશ દ્વારા અંધારી ગુફાને વાદળી-લીલા ઝગમગાટથી ભરી દે છે. હજારો ગ્લોવોર્મ એકસાથે ચમકે ત્યારે મુલાકાતીઓને એવું લાગે છે કે તેઓ ધરતીની અંદર કોઈ વિશાળ તારામંડળ નીચે ઊભા છે. ગુફાની અંદરની નૌકાયાત્રા આ પ્રવાસનો સૌથી યાદગાર અનુભવ ગણાય છે. સંપૂર્ણ શાંતિ વચ્ચે નાની બોટ ભૂગર્ભ જળમાર્ગ પરથી આગળ વધે છે અને ઉપર ગુફાની છત પર ઝળહળતા હજારો ગ્લોવોર્મનું અદ્ભુત દૃશ્ય જોવા મળે છે. અંધકારમાં પ્રકાશતા આ જીવડાં અને પાણીમાં પડતા તેમના પ્રતિબિંબથી જાણે આકાશના તારાઓ પાણીની સપાટી સુધી ઉતરી આવ્યા હોય તેવી અનુભૂતિ થાય છે. વાઇટોમોમાં ગ્લોવોર્મ ગુફાની માર્ગદર્શિત મુલાકાત 1880ના દાયકાના અંતથી ચાલી રહી છે. વાઇટોમો માત્ર ગુફા નહીં, પરંતુ ભૂગર્ભ કુદરતી અજાયબીની જીવંત પ્રયોગશાળા છે. અહીંની ચૂનાના પથ્થરની રચનાઓ, ભૂગર્ભ નદીઓ અને ગ્લોવોર્મનું અનોખું પર્યાવરણ પ્રવાસીઓ તેમજ પ્રકૃતિપ્રેમીઓને આકર્ષે છે. ગુફા સંરક્ષણ, સ્થાનિક માઓરી સંસ્કૃતિ અને કુદરતી વારસાને પણ અહીં વિશેષ મહત્વ આપવામાં આવે છે. દિવસના પ્રકાશથી દૂર, ધરતીના પેટાળમાં ઝળહળતું આ 'તારાઓનું આકાશ' વાઇટોમોને ન્યૂઝીલેન્ડના સૌથી અનોખા કુદરતી પ્રવાસન સ્થળોમાં સ્થાન અપાવે છે.

# કાગળ પર 'ગાંધીના આદર્શ' જેવી ઉજળી દારૂબંધી અને જમીન પર સેંકડો ચિતાઓની રાખ! આ છે ગુજરાતના કથિત 'ડ્રાય સ્ટેટ'ની વરવી વાસ્તવિકતા

ગુજરાત એટલે મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલની પવિત્ર ભૂમિ. કાગળ પર અને નેતાઓના સ્ટેજ પરથી અપાતા ભાષણોમાં ગુજરાતને 'ડ્રાય સ્ટેટ' એટલે કે સંપૂર્ણ દારૂબંધી ધરાવતું રાજ્ય ઘોષિત કરવામાં આવ્યું છે. પરંતુ જમીની હકીકત એ છે કે આ દારૂબંધી માત્ર નિયમોની પુસ્તકો અને પોલીસ સ્ટેશનના ચોપડા સુધી જ સીમિત રહી ગઈ છે. દર થોડા વર્ષે ગુજરાતના કોઈને કોઈ ખૂણેથી એક હૃદયદ્રાવક ચીસ સંભળાય છે, સ્મશાનમાં એકસાથે ડઝનબંધ ચિતાઓ ખડકાય છે, અસંખ્યા મહિલાઓના સેંથાનું સિંદૂર ભૂંસાય છે અને નિર્દોષ માસૂમ બાળકોના શિર પરથી પિતાનો સાયો છીનવાઈ જાય છે. આ તમામ કારમા દ્રશ્યો પાછળનું એકમાત્ર કારણ છે – રાજ્યમાં મુક્તપણે ધમધમતો ઝેરી દારૂનો કાળો કારોબાર.

## દર થોડા વર્ષે પુનરાવર્તિત થતી મોતના તાંડવની કાળી વાર્તા

બોટાદનો લઠ્ઠાકાંડ હોય, અમદાવાદની કરૂણાંતિકા હોય કે તાજેતરમાં જ બનેલી ચાણસ્માની ઘટના હોય – દર વખતે માત્ર ઘટના સ્થળ અને મૃતકોના નામ બદલાય છે, પરંતુ મોતના તાંડવની વાર્તા એ જ જૂની રહે છે. ગુજરાતમાં દારૂબંધીના નામે ઊભી કરાયેલી આભાસી દુનિયા પાછળનો આ કાળો ધંધો હવે સામાન્ય માનવીના જીવ માટે ભારે સાબિત થઈ રહ્યો છે. જ્યારે જ્યારે પણ આ પ્રકારની હોનારત સર્જાય છે, ત્યારે સમગ્ર વિસ્તારમાં આક્રંદ છવાઈ જાય છે અને આખું રાજ્ય આઘાતમાં સરી પડે છે.

## કડક કાયદો અને ચેકપોસ્ટ છતાં ગલી-ગલીમાં ઝેર પિરસતો રાક્ષસ કોણ?

ગુજરાત સરકાર અને પોલીસ પ્રશાસન દાવાઓ કરે છે કે સરહદો પર કડક સિક્યોરિટી છે, સીસીટીવી કેમેરાથી મોનિટરિંગ થાય છે અને દારૂબંધીનો કાયદો અત્યંત આકરો છે. તો પછી સવાલ એ ઊભો થાય છે કે:

શેરીઓ અને ગલીઓના નાકે માત્ર ૨૦ રૂપિયાની પોટલીમાં કેમિકલયુક્ત ઝેર વેચવાની પરવાનગી કોણ આપે છે?

દારૂ બનાવવામાં વપરાતા જહરીલા કેમિકલ્સ અને મિથેનોલનો જથ્થો બુટલેગરો સુધી આટલી આસાનીથી કેવી રીતે પહોંચી જાય છે?

શું ખાખી વર્દીની છત્રછાયા, હપ્તાખોરીનું સુ વ્યવસ્થિત નેટવર્ક અને રાજકીય આકાઓના આશીર્વાદ વગર આ કારોબાર શક્ય છે?

આવા અનેક તીખા સવાલો આજે દરેક જાગૃત નાગરિકના મનમાં ઘૂમરાઈ રહ્યા છે.

સ્મશાનની રાખ પર શરૂ થતું ગંદુ રાજકારણ અને ખોખલા નિવેદનો

જ્યારે પણ મોટો કાંડ સર્જાય છે ત્યારે સિસ્ટમમાં ક્ષણિક દોડધામ મચી જાય છે. પોલીસના સાયરનો ગૂંજવા લાગે છે, દરોડા પાડવાના નાટકો થાય છે, દેશી દારૂની ભઠ્ઠીઓ તોડવાના ફોટા પેપરમાં છપાય છે અને નેતાઓ મીડિયા સમક્ષ આવીને 'દોષિતોને બક્ષવામાં નહીં આવે' અને 'ચમરબંધીને પણ છોડાશે નહીં' જેવા ઘીસા-પીટા નિવેદનો આપીને પોતાની જવાબદારીમાંથી છટકી જાય છે. વિપક્ષો આક્ષેપો કરે છે અને સત્તાપક્ષ સફાઈ આપે છે. પરંતુ આ ગંદા રાજકારણમાં એ પરિવારની પીડા કોઈ નથી સમજતું જેણે પોતાના ઘરનો મુખ્ય કમાનાર સભ્ય ગુમાવ્યો છે. થોડા દિવસો વીત્યા બાદ મામલો ઠંડો પડી જાય છે અને ફરી પાછો આ કાળો કારોબાર એ જ જોશથી શરૂ થઈ જાય છે.

## ગાંધીનગરના સત્તાધીશો સામે પ્રજાનો આકરો આક્રોશ

હવે સમય આવી ગયો છે કે શાસકો અને પ્રશાસન કાગળ પરની આભાસી દારૂબંધીના મોહમાંથી બહાર આવે અને વાસ્તવિકતાનો સ્વીકાર કરે. જો દારૂબંધીના કાયદા માત્ર કાગળ પર જ રહેવાના હોય અને પ્રજાનો જીવ બચાવી શકવામાં નિષ્ફળ નીવડતા હોય, તો આ નીતિની પુનઃ સમીક્ષા કરવી અત્યંત જરૂરી બની જાય છે. કાયદાનો અમલ કરાવવો હોય તો બુટલેગરો અને તેમને પ્રોત્સાહન આપતા ભ્રષ્ટ અધિકારીઓ પર ખાખીનો કોરડો વીંઝાવો જ પડશે.

અભિપ્રાય:

ગુજરાતના ભવિષ્ય અને જનતાની સુરક્ષા માટે તમારો અભિપ્રાય અત્યંત મહત્વનો છે.

શું ગુજરાતમાં દારૂબંધીનો કડક, પારદર્શી અને ભ્રષ્ટાચારમુક્ત અમલ થવો જોઈએ કે પછી આટલા વર્ષોના કડવા અનુભવો બાદ સરકાર દ્વારા આ નીતિમાં વહેલી તકે વ્યવહારુ બદલાવ લાવવાની જરૂર છે?

# દિલ્હીના જંતર-મંતર પર 'અનામત હટાવો આંદોલન': ભાજપ માટે કેમ બન્યો મોટો રાજકીય કોયડો?

દિલ્હીના જંતર-મંતર ખાતે સોશિયલ મીડિયાથી શરૂ થયેલા 'અનામત હટાવો આંદોલન' (Reservation Hatao Andolan) અને અનામત સુધારાની માંગ સાથે થયેલા પ્રદર્શનોએ દેશના રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે. યુવા આંદોલનકારીઓ જાતિ આધારિત અનામત સિસ્ટમ રદ કરીને આર્થિક આધાર પર અનામત આપવાની તથા 'એક પરિવાર, એક અનામત' જેવી નીતિઓ લાગુ કરવાની માંગ કરી રહ્યા છે.

આ આંદોલન અને પ્રદર્શનોએ કેન્દ્રની સત્તાધારી ભાજપ (BJP) માટે એક અત્યંત જટિલ અને કટોકટીપૂર્ણ રાજકીય પરિસ્થિતિ ઊભી કરી દીધી છે.

૧. પરંપરાગત સવર્ણ વોટબેંક નારાજ થવાનો ભય

ભાજપનો પરંપરાગત અને મજબૂત આધાર સવર્ણ (General Category) સમુદાય રહ્યો છે. જંતર-મંતર પર એકત્ર થયેલા યુવાનો અને વિદ્યાર્થીઓનો આક્રોશ મુખ્યત્વે સરકારી નોકરીઓ, પ્રવેશ પરીક્ષાઓ અને યુજીસી (UGC) નીતિઓ સામે છે. જો ભાજપ આ યુવાનોના આક્રોશને શાંત કરવામાં નિષ્ફળ રહે અથવા તેમની માંગણીઓને તદ્દન ફગાવી દે, તો તેની કોર સવર્ણ વોટબેંકમાં મોટું ઘરમાળું થઈ શકે છે.

૨. OBC, SC અને ST સમુદાયો દૂર થવાનું મોટું જોખમ

બીજી તરફ, ભાજપે છેલ્લા એક દાયકામાં OBC, SC અને ST સમુદાયોને પોતાની સાથે જોડવા માટે ભારે રાજકીય મહેનત કરી છે. જો ભાજપ આંદોલનકારીઓની આર્થિક આધારિત અનામત કે જાતિ આધારિત નાબૂદીની માંગ સામે સહેજ પણ નરમ વલણ દાખવે, તો વિપક્ષી દળો તેને 'અનામત વિરોધી' ગણાવીને એસસી, એસટી અને ઓબીસી વર્ગમાં ભાજપ સામે બળવો ઊભો કરી શકે છે.

૩. સહયોગી પક્ષોનું આકરું વલણ

એનડીએ (NDA) સરકારમાં સામેલ દલિત અને પછાત વર્ગના નેતાઓ તથા ગઠબંધન ભાગીદારો જાતિ આધારિત અનામત સાથે કોઈ પણ પ્રકારની ચેડાં સહન કરવા તૈયાર નથી. સરકાર માટે પોતાના ગઠબંધનના સાથીદારોને સાચવવા અને સાથે સાથે સવર્ણ યુવાનોના ગુસ્સાને થાળે પાડવો એ તલવારની ધાર પર ચાલવા સમાન બની ગયું છે.

૪. જેપી નડ્ડાની મુલાકાત અને સરકારની દ્વિધા

જંતર-મંતર પ્રદર્શન બાદ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાએ આંદોલનના પ્રતિનિધિઓ સાથે દિલ્હીમાં બેઠક યોજી હતી. આ મુલાકાત દર્શાવે છે કે ભાજપ આ આંદોલનને હળવાશથી લેવાની ભૂલ કરવા માંગતો નથી. જોકે, ભાજપ માટે સૌથી મોટી દ્વિધા એ છે કે જો તેઓ માંગણીઓ સ્વીકારે છે તો પછાત વર્ગો નારાજ થાય છે, અને જો ફગાવે છે તો સવર્ણ યુવાનોનો રોષ વહોરવો પડે છે.

૫. સોશિયલ મીડિયા અને Gen-Z યુવાનોનો આક્રોશ

આ આંદોલન કોઈ પરંપરાગત રાજકીય પક્ષે નહીં પરંતુ ઈન્સ્ટાગ્રામ અને ડિજિટલ પ્લેટફોર્મ્સ દ્વારા સંચાલિત યુવાનો દ્વારા ઊભું કરાયું છે. આવા બિન-રાજકીય યુવા આંદોલનોને ડામવા કે નિયંત્રિત કરવા રાજકીય પક્ષો માટે હંમેશા સૌથી વધુ પડકારજનક સાબિત થતા હોય છે.

પાક્કો ગુજરાત ન્યૂઝ વિશ્લેષણ:

અનામતનો મુદ્દો ભારતીય રાજકારણમાં હંમેશા અત્યંત સંવેદનશીલ રહ્યો છે. એક તરફ દેશનો સવર્ણ યુવા વર્ગ પોતાની રોજગારી અને ભવિષ્ય માટે અનામત નીતિમાં મોટા સુધારાની માંગ કરી રહ્યો છે, તો બીજી તરફ સામાજિક ન્યાયના નામે અનામત રક્ષણનો મુદ્દો દેશની બહુમતી વસ્તી સાથે જોડાયેલો છે. હવે જોવાનું એ રહેશે કે ભાજપ આ 'કૂવો કે ખાડો' જેવી સ્થિતિમાંથી બહાર નીકળવા કયો વચલો માર્ગ શોધે છે.

# 100માંથી ફક્ત 1 રૂપિયો જ વસૂલી શકે છે એજન્સીઓ', મની લોન્ડ્રિંગ પર CJI સૂર્યકાંતની મોટી ટિપ્પણી

લંડન

ચીફ જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું કે મની લોન્ડ્રિંગ દ્વારા હેરફેર કરવામાં આવેલા દરેક 100 રૂપિયામાં અધિકારી અને કાયદો લાગૂ કરનારી એજન્સીઓ ફક્ત 1 રૂપિયો જ વસૂલ કરી શકે છે. આનું મુખ્ય કારણ આર્થિક અપરાધ કરનારાની ચાલાકી અને ભાગેડુઓને પાછા લાવવામાં વૈશ્વિક સહયોગની કમી છે. કેમ્બ્રિજમાં આર્થિક અપરાધ પરના 43મા આંતરરાષ્ટ્રીય સમ્મેલનમાં CJIએ કહ્યું કે એક વર્ષમાં દુનિયાભરમાં જેટલી રકમનું મની લોન્ડ્રિંગ થાય છે, તે એટલું વધારે છે કે તેનાથી ધરતીના દરેક વ્યક્તિ માટે એક સાધારણ લેપટોપ ખરીદી શકાય છે. તે સંપત્તિના દર 100 ભાગમાંથી 99 હિસ્સાનો ઉલ્લેખ ફક્ત ભાષણો અને રિપોર્ટોમાં હોય છે. જ્યારે




હકીકતમાં ફક્ત એક ભાગને ઠીક કરી શકાય છે. સીજેઆઇ સૂર્યકાંતે કર્યો કૌટિલ્યના 'અર્થશાસ્ત્રનો ઉલ્લેખ સીજેઆઇ સૂર્યકાંતે કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'નો ઉલ્લેખ કર્યો. તેમાં લખ્યું હતું કે કોઇ અધિકારી માટે રાજાની સંપત્તિને સંભાળવી અને તેમાંથી કંઈપણ ન લેવું અસંભવ છે. સાથે જ તેમાં ઓડિટ, ક્રોસ-વેરિફિકેશન અને ખોટી રીતે કમાણી કરેલી સંપત્તિને જપ્ત કરવા જેવા ઉપાય પણ બતાવાયા હતા. હકીકતમાં જે સંપત્તિ વસૂલી શકે છે તે ઘણી ઓછી- સીજેઆઇ સૂર્યકાંત આર્થિક ગુનાઓ સામે ભારતના બહુસ્તરીય કાયદાઓ અને ન્યાયિક હસ્તક્ષેપ દ્વારા તેમાં સંતુલન જાળવવાનો ઉલ્લેખ કરતા CJIએ કહ્યું કે, ભલે ભારતે વિદેશી અધિકારક્ષેત્રો સાથે પ્રત્યાર્પણ અને પરસ્પર કાનૂની સહાય સંધિઓ પર હસ્તાક્ષર કર્યા હોય, પરંતુ સાચું કહું તો, આપણે વાસ્તવમાં જે સંપત્તિ પાછી મેળવી શકીએ છીએ તે ખૂબ જ ઓછી છે. તેમણે કહ્યું કે ગેરકાયદેસર સંપત્તિ અને આર્થિક ગુનાઓ સંધિઓને મંજૂરી મળવાની ઝડપ કરતાં ક્યાંય વધુ ઝડપથી ફેલાય છે. તેથી, કોઈપણ અધિકારક્ષેત્ર, ભલે તે ગમે તેટલું સાધન-સંપન્ન કે મક્કમ કેમ ન હોય, એકલા તેનો સામનો કરી શકે નહીં.



પાક્કો ગુજરાત
મંગળવાર | 01 સપ્ટેમ્બર 2026 | અમદાવાદ

### જીવનનગર વિકાસ સમિતિ, મહિલા મંડળનું સંયુક્ત આયોજન

# રાજકોટ જીવનનગરમાં શુક્રવારે જન્માષ્ટમી મહોત્સવ ધામધૂમથી ઉજવાશે : શુક્રવારે મહાદેવધામમાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી થશે



રાજકોટ

જીવનનગર વિકાસ સમિતિ સંચાલિત શ્રી રામેશ્વર મહાદેવ મંદિર, મહાદેવધામ સમિતિ, વોર્ડનં. ૧૦ જાગૃત નાગરિક મંડળ અને મહિલા સત્સંગ મંડળના સંયુક્ત ઉપક્રમે શુક્રવારે જન્માષ્ટમી મહોત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવશે. પરોઢથી રાત્રિ સુધી અનેકવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન નક્કી કરવામાં આવ્યું છે.

મંદિરના વ્યવસ્થાપક શ્રીમતિ સુનિતાબેન વ્યાસ, વિનોદરાય ભટ્ટની સંયુક્ત યાદીમાં જણાવાયું છે કે સપ્ટેમ્બર તા. ૪ ને શુક્રવારે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણીમાં સવારે પ્રભાત ફેરી, ભગવાન શિવને રૂદ્રાભિષેક, ષોડપચાર પૂજા, ધ્વજારોહણ, દિપ માલા, મહાઆરતી, સાંજે મહિલા મંડળના સત્સંગનું આયોજન છે. રાત્રિના ૧૨ કલાકે મહાદેવધામ પટ્ટાંગણમાં ભગવાન કૃષ્ણના જન્મોત્સવની ઉજવણી થશે. બાળકો કાનુડાના વેશ પરિધાનમાં હાજરી આપવાના છે. નંદ ઘેર આનંદ ભૈયો ધાર્મિક નાદ સાથે ઉજવણી કરાશે. સનાતન ધર્મના મહિમાનું ગુણાનુવાદ કરાશે.

સમિતિના પ્રમુખ જયંત પંડયાએ જણાવ્યું કે જીવનનગર, જ્ઞાનજીવન, અમી પાર્ક, દેશળદેવ પરા, શિવ પરાના રહીશો માટે કૃષ્ણ જન્મોત્સવ માટે અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. રાજકોટના ધર્મપ્રેમી ભાઈઓને હાજરી આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

મંદિરનું સત્સંગ મંડળ કૃષ્ણ ભગવાનની શોભાયાત્રામાં રૈયા રોડથી જોડાશે. ભગવાનનું સામૈયું કરી રૈયા ચોકથી સામુહિક ફ્લોટમાં ભાગીદાર બનશે. મંદિરને ભવ્ય શણગાર સાથે રોશની કરવામાં આવી છે. સાંજે ૫-૦૦ કલાકે સત્સંગ મંડળે ભજન-ધૂન-સત્સંગનું આયોજન રાત્રીના રાસ-ગરબાનું આયોજન છે.

કૃષ્ણ જન્મોત્સવમાં મંદિરના વ્યવસ્થાપક સુનિતાબેન વ્યાસ, હર્ષાબેન પંડયા, શોભનાબેન ભાણવડિયા, આશાબેન મજેઠીયા, ભારતીબેન ગંગદેવ, કિર્તીબેન કગથરા, યોગિતાબેન જોબનપુત્રા, ભક્તિબેન ખખ્ખર, ભારતીબેન રાવલ, નેહાબેન મહેતા, જીગીષાબેન રાવલ, ગીતાબેન મહેતા, પ્રફુલ્લાબેન બોરીચા, હંસાબેન ચુડાસમા, સોનલબેન માંકડ, હીરાબેન બારોટ, સમિતિના વિનુભાઈ ભટ્ટ, કેતનભાઈ મકવાણા, ભાવેશ બુંદેલા, વિપુલ પંડયા, અશોકભાઈ મકવાણા, પાર્થ ગોહેલ સફળ બનાવવા તૈયારી કરી રહ્યા છે.

મહાઆરતીમાં વોર્ડ નં. ૧૦ના નગરસેવકો અશ્વિનભાઈ ભોરણીયા, ઘનશ્યામભાઈ હેરભા, જયોત્સનાબેન ટીલાળા, નીતાબેન લાલ, પૂર્વ કોર્પોરેટર પરેશભાઈ હુંબલ, નીતાબેન વઘાસીયા, ડૉ. રાજેશ્રીબેન ડોડીયા, ચેતનભાઈ સુરેજા, નિરૂભા વાઘેલા, વોર્ડ પ્રભારી ધ્યેય દોશી, પ્રમુખ જયેશભાઈ ચોવટીયા, શહેર ભા.જ.પ. ના મેહુલભાઈ નથવાણી, મનિષભાઈ દેડકીયા, ભાજપના આગેવાનો હરેશભાઈ કાનાણી, વિજયભાઈ પાડલીયા, રજનીભાઈ ગોલ, રઘુભાઈ ધોળકીયા, કેતન મકવાણા, વિપુલ પંડયા, ડૉ. આશિષ મકવાણા સહિત હોદ્દેદારો હાજરી આપવાના છે.

### કાગળ પર જ પંચક્યાસ થયાના આક્ષેપ સાથે અરજદારનો વિરોધ

# સાધલી તળાવના પંચક્યાસમાં સક્ષમ અધિકારી ગેરહાજર

સાધલી, હસમુખ પટેલ

સાધલી ગામે પંચાયત દ્વારા રૂપિયા 25 લાખના ખર્ચે બનાવેલ જૂની તળાવની પાળ તોડી નાખીને તળાવ ની અંદર આશરે 300 બાય 50 મીટર વિશાળ દબાણ કરાયાની અરજી જિલ્લા કલેકટરને કરવામાં આવી હતી.તથા જિલ્લા વિકાસ અધિકારી વડોદરા, તાલુકા વિકાસ અધિકારી શિનોર અને મામલતદાર શિનોર ને પણ પુરાવા સાથે અરજી કરવામાં આવી હતી. તળાવની પાળ તોડી પાડવી કે તેમાં દબાણ કરવા માટે જિલ્લા કલેકટર ની પરવાનગી લેવાની હોય છે. જે પંચાયતે લીધી નહોતી. જેથી આજે આ તળાવનો પંચક્યાસ કરવાનો હોવાથી તલાટી કમ મંત્રી દ્વારા અરજદાર ભાવેશ દરજીને લેખિત જાણ કરી હતી, અને આજે બપોરે તારીખ 31 ઓગસ્ટ 1:00 વાગે તળાવની



પાળે ભેગા થયા હતા. પરંતુ પંચક્યાસ માટે સક્ષમ અધિકારી આજે હાજર નહોતા અને માત્ર બે તલાટી, ઈન્ચાર્જ સરપંચ,સભ્યો અને મીડિયા હાજર હતું. તળાવનો સંપૂર્ણ પંચક્યાસ કરવાના બદલે માત્ર કાગળ પર પંચક્યાસ થયા નું માલુમ પડતાં અરજદાર ભાવેશ દરજી દ્વારા સક્ષમ અધિકારીની રૂબરૂમાં પંચક્યાસ કરવા જણાવતાં એક તબક્કે ઈન્ચાર્જ સરપંચ આક્રોશમાં આવી ગયા હતા. તલાટી જીગ્નેશ કિશોરી તથા સ્ટાફના માણસો માપણી કરવાની મેજર ટેપ લાવ્યા વગર આવ્યા હતા, અને માપણી કર્યા વગર બેઠો પંચક્યાસ કરવાની નીતીરીતી જાહેર થતી હતી, જેનો અરજદારે વિરોધ કર્યો હતો અને તટસ્થ સક્ષમ અધિકારીની હાજરીમાં પંચક્યાસ કરવા જણાવ્યું હતું. કારણકે જેઓની સામે તળાવ ના દબાણ બાબતની અરજી થઈ છે, તે પંચાયત તથા તલાટી કમ મંત્રી સીધા પક્ષકાર હોવાના કારણે અન્ય તટસ્થ સરકારી પંચોની રૂબરૂ દ્વારા થયેલ પંચક્યાસ પારદર્શક અને તટસ્થ હોઈ શકે છે.

તાલુકા તથા જિલ્લાના અધિકારીઓ સાધલી તળાવના સ્થળ પર રૂબરૂ તપાસ કરી પરિસ્થિતિ નિહાળીને ઘટતું કરે એવી માંગ કરવામાં આવી છે. તળાવની પાળનો વિવાદ અને તળાવનું દબાણ હાલ જિલ્લાભરમાં ચર્ચાસ્પદ બનેલ છે.

### ડિજિટલ વેરા ભરપાઈ પર વધારાના 1% રીબેટનો લાભ

# પોરબંદર મનપાની મિલકતધારકો માટે નવી પહેલ: ઓનલાઈન વેરો ભરનારને 1% વધારાનું રીબેટ, 30 સપ્ટેમ્બર સુધી યોજનાનો લાભ

ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ

પોરબંદર મહાનગરપાલિકા દ્વારા મિલકતધારકોને મિલકત વેરાની ભરપાઈ ડિજિટલ માધ્યમથી કરવા પ્રોત્સાહિત કરવાના હેતુથી ઓનલાઈન ટ્રાન્ઝેકશન દ્વારા મિલકત વેરો ભરનારને ચાલુ વર્ષના વેરામાં વધારાનું ૧ ટકા રીબેટ આપવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે. તા. ૧૮/૦૬/૨૦૨૬ની સામાન્ય સભાના ઠરાવ નં. ૮ અનુસાર 'પ્રોપર્ટી ટેક્સ ઈન્સેન્ટિવ રીબેટ યોજના' તા. ૩૦/૦૯/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. હાલ નિયત સમયમર્યાદામાં મિલકત વેરો ભરનાર મિલકતધારકોને ૧૦ ટકા રીબેટનો લાભ મળવાપાત્ર છે. જ્યારે ઓનલાઈન ટ્રાન્ઝેકશન મારફતે વેરાની રકમ ભરનારને ચાલુ વર્ષના મિલકત વેરામાં, એજ્યુકેશન સેસ સિવાય, વધારાનું ૧ ટકા રીબેટ આપવામાં આવશે. આમ, પાત્ર મિલકતધારકોને ઓનલાઈન ભરપાઈના કિસ્સામાં કુલ ૧૧ ટકા સુધી રીબેટનો લાભ મળી શકશે. આ યોજના અમલમાં આવતા પાછલા બાકી વેરા તેમજ ચાલુ વર્ષના મિલકત વેરાની વસૂલાતને પણ વેગ મળ્યો છે. બીજી તરફ મહાનગરપાલિકા દ્વારા હાલમાં મિલકત વેરાના બિલ બજાવવાની કામગીરી ચાલુ હોવાથી આગામી સમયમાં મિલકત વેરાની આવકમાં વધુ વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ડિજિટલ યુગમાં નાગરિકોને ઓનલાઈન સેવાઓનો વધુમાં વધુ લાભ મળે તેમજ મહાનગરપાલિકા કચેરી ખાતે રૂબરૂ આવીને વેરો ભરવામાં લાગતો સમય અને મહેનત બચે તે હેતુથી આ વધારાના રીબેટની જોગવાઈ કરવામાં આવી છે.

જે મિલકતધારકો નિયત સમયમર્યાદામાં ઓનલાઈન ટ્રાન્ઝેકશન દ્વારા મિલકત વેરાની રકમ જમા કરાવશે તેઓ આ વધારાના ૧ ટકા રીબેટ માટે પાત્ર રહેશે. ચાલુ વર્ષ દરમિયાન અગાઉથી ઓનલાઈન માધ્યમથી મિલકત વેરો ભરનારા મિલકતધારકોને પણ ૧ ટકા રીબેટનો લાભ આપવામાં આવશે અને સંબંધિત રકમ આગામી વર્ષમાં જમા આપવામાં આવશે.

# દેવપુરાથી સુઈગામ સુધીની 32 કિલોમીટર લાંબી સુઈગામ ડ્રિસ્ટી કેનાલ રામ ભરોસે

વાવ, ત્રિકમ ઠાકોર

દેવપુરા થી સુઈગામ સુધીની સુઈગામ ડ્રિસ્ટી કેનાલ 32 કિલોમીટર લાંબી અને 86 કરોડ ના ખર્ચે બનાવેલ કેનાલ આજે રામ ભરોસે પડી છે. જેનું ખાતમુહર્ત 2022 માં થયું હતું જેનું કામ ચાર એજન્સીઓને વહેંચી નાખવામાં આવ્યું હતું જેથી 6 મહિના ની અંદર કેનાલનુ કામ પૂર્ણ થાય અને 22 ગામોના ખેડૂતોને સિંચાઈનું પાણી મળે પણ સરકાર અને કોન્ટ્રાકટરો ની ધીમા વલણથી આ કેનાલ ને ચાર ચાર વર્ષો વીતતા છતાં કામ પૂર્ણ થતું નથી. પાણી માટે વળખા મારતા 22 ગામોના ખેડૂતો રજુઆતો કરવા નર્મદા વિભાગ થરાદ ખાતે ઘણી વખત ગયેલ એમણે પણ કેનાલનું કામ ઝડપી પૂરું કરાવી અને એમાં પાણી



છોડાવશુ એવો લોલી પૉપ આપેલ અને , વાવ ધારાસભ્ય અને ગુજરાત રાજ્ય ના મંત્રી સ્વરૂપજી ઠાકોર ને પણ મોખિક અને લેખિત રજુઆતો કરી એમનો પણ કોઈ સંતોષ કારક જવાબ ના મળતા વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી ને પણ રજુઆત કરેલ તેમણે જાહેર મિટિંગમાં કહેલું કે તમો તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓમાં અમને વોટ આપજો તો હું આ કેનાલમાં ત્રણ મહિનામાં પાણી છોડાવી દઈશ તેને પણ આજે ચાર મહિના થયા.

# રક્ષાબંધને બહેને નિભાવી રક્ષાની પરંપરા: અંતિમ વિદાયે ગુપ્ત અંગદાન કરી 4 દર્દીઓને આપ્યું 'જીવનદાન'

### અંગદાન એ કેવળ અંગોનું દાન નથી, પરંતુ કોઈના નિરાશ જીવનમાં આશા અને ખુશીઓ લાવવાનું શ્રેષ્ઠ મહાદાન છે :- સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડૉ. રાકેશ જોશી

અમદાવાદ, પ્રિન્સ ચાવલા

રક્ષાબંધનના પવિત્ર પર્વે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે એક અત્યંત હૃદયસ્પર્શી અને પ્રેરણાદાયી ઘટના સામે આવી છે. બ્રેઈન હેમરેજ બાદ બ્રેઈનડેડ જાહેર કરાયેલા ૪૧ વર્ષીય મહિલાના પરિવારે દુ:ખની ઘડીમાં પણ અપાર હિંમત દાખવીને ગુપ્ત અંગદાન કરવાનો ઉમદા નિર્ણય લીધો હતો. આ મહાદાનથી પ્રાપ્ત થયેલા એક હૃદય, એક લીવર અને બે કિડની થકી ચાર દર્દીઓને નવજીવન મળ્યું છે, જે તેમના




પરિવારો માટે આશાનું નવું કિરણ બન્યું છે. ઘટના અંગે વિગતવાર માહિતી આપતા સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, ૪૧ વર્ષીય મહિલાને ગંભીર બ્રેઈન હેમરેજ થતાં સિવિલ હોસ્પિટલના ICUમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. તબીબોની સઘન સારવાર છતાં ગત તા. ૨૭ ઓગસ્ટના રોજ તેમને બ્રેઈનડેડ જાહેર કરાયા હતા. ત્યારબાદ સિવિલ હોસ્પિટલની અંગદાન ટીમના ડૉ. નિમેશ દેસાઈએ પરિવારજનોને અંગદાનના મહત્વ વિશે સમજ આપતાં, શોકગ્રસ્ત પરિવારે સહર્ષ સંમતિ આપી હતી.

ડૉ. રાકેશ જોશીએ વધુમાં ઉમેર્યું હતું કે, રક્ષાબંધનના પાવન પર્વે એક બહેનના અંગદાનથી ચાર પરિવારોમાં ખુશીઓની નવી સવાર ઊગી છે. અંગદાન એ કેવળ અંગોનું દાન નથી, પરંતુ કોઈના નિરાશ જીવનમાં આશા અને મુસ્કુરાહટ લાવવાનું શ્રેષ્ઠ મહાદાન છે.

# છોટાઉદેપુર ના સનાડા ગામે મકાનમાંથી સોના ચાંદીના દાગીના મળી કુલ ₹1,81,348/-ની ચોરી થઈ

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર તાલુકાના રંગપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ સનાડા ગામે એક ચોરીનો બનાવ બન્યો છે જેમાં સોના ચાંદીના દાગીના બેંકની પાસબુક એટીએમ કાર્ડ સહિતની કુલ રૂ 1,81,348/- વસ્તુઓ લઈને અજાણ્યા ઈસમો રાત્રીના સમયે ફરાર થઈ ગયા હતા જેની પોલીસ ફરિયાદ વર્ષાબેન મનુભાઈ રાઠવા એ નોંધાવી છે.

છોટાઉદેપુર તાલુકાના સનાડા ગામે સરપંચ ફળિયા માં રહેતા વર્ષાબેન મનુભાઈ રાઠવા ના ઘરમાંથી તારીખ 26 8 26 ના રાત્રી થી 27 8 26 સવાર ના 5 વાગ્યાના સમયગાળા દરમિયાન કોઈ સાધન વડે દરવાજાનું તાળું તોડી ઘરમાં પ્રવેશી ઘરમાં મૂકેલી તિજોરીમાંથી સોનાની ફેન્સી બુટ્ટી વજન 10 ગ્રામ સોનાની કડીઓ વજન 15 ગ્રામ સોનાના જુમર વજન 12 ગ્રામ તથા ચાંદીની ફેન્સી



કંદોરો વજન 103 ગ્રામ તથા રોકડા રૂપિયા 55000 સાથે મળી કુલ 1,81,348 ની મતાની તેમજ તિજોરીમાં મુકેલ બેંકની પાસબુક અને એટીએમ કાર્ડ ચોરીને લઈ ગયા હતા સદર બાબતે રંગપુર પોલીસે ફરિયાદ નોંધ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અંકલેશ્વરના માંડવા ખાતે વિચરતી-વિમુક્ત જાતિ દિન નિમિત્તે સમાજ શિક્ષણ શિબિર યોજાઈ

### ડિજિટલ ઈન્ડિયા અંતર્ગત QR કોડ માધ્યમથી યોજનાકીય માહિતીનું PDF સંપુટ ઉપલબ્ધ કરાવાયું : શિક્ષણ અને સરકારી યોજનાઓ દ્વારા વિચરતી-વિમુક્ત જાતિનો સર્વાંગી વિકાસ સાધવા હાકલ કરાઈ

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ- તા. ૩૧ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ 'મુક્તિ દિવસ' નિમિત્તે 'વિચરતી વિમુક્ત દિન' ની ઉજવણીના ભાગરૂપે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિકસતી જાતિ), ભરૂચ કચેરી અને ગાયત્રી વિકાસ મંડળ, માંડવાના સંયુક્ત ઉપક્રમે ગાયત્રી કન્યા છાત્રાલય, માંડવા ખાતે વિશેષ સમાજ શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત આમંત્રિત મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યા બાદ દીપ પ્રાગટ્ય અને સરસ્વતી વંદના સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત વક્તાઓએ શિક્ષણના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, શિક્ષણ દ્વારા જ વ્યક્તિ અને સમાજનો સાચો વિકાસ શક્ય છે. વિચરતી-વિમુક્ત જાતિના વાલીઓને પોતાના બાળકોને શાળામાંથી ઉઠાવી ન લેવા અને તેમનો અભ્યાસ પૂર્ણ કરાવવા અપીલ કરવામાં આવી હતી. જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી દ્વારા વિચરતી-વિમુક્ત જાતિના બાળકોના આર્થિક અને સામાજિક ઉત્થાન માટે સરકાર દ્વારા ચાલતી વિવિધ શિષ્યવૃત્તિઓ તેમજ અન્ય વિકાસલક્ષી યોજનાઓની વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી, જેથી કોઈ પણ પાત્રતા ધરાવતો લાભાર્થી યોજનાના લાભથી વંચિત ન રહે. સરકારના 'ડિજિટલ ઈન્ડિયા' અભિયાનને વેગ આપતા, શિબિરમાં હાજર રહેલા તમામ લોકોને મોબાઈલમાં ક્યુઆર (QR) કોડ સ્કેન કરાવીને સરકારી યોજનાઓની વિસ્તૃત માહિતી ધરાવતું ડિજિટલ 'યોજનાકીય સંપુટ' (PDF ફાઈલ) ડાઉનલોડ કરાવવામાં




આવ્યું હતું. આ શિબિરમાં હળપતિ અને ભૂમિહીન ખેતમજૂરોના આવાસ બાંધકામ સમિતિના ચેરમેન (જિલ્લા પંચાયત ભરૂચ) મતી ગીતાબેન અરવિંદભાઈ વસાવા, તાલુકા પંચાયત સભ્ય કરસનભાઈ પટેલ, વિચરતી વિમુક્ત સમાજ ભરૂચના પ્રમુખ ચંદુભાઈ વાઘેલા, વિચરતી વિમુક્ત જાતિના આગેવાન ચેતનભાઈ વાઘેલા, માંડવાના સરપંચ નવિનભાઈ પટેલ, નિવૃત્ત સમાજ કલ્યાણ અધિકારી મતી રક્ષાબેન પ્રજાપતિ તથા એમ.વાય. થુંથીવાલા, ગાયત્રી કન્યા છાત્રાલયના પ્રમુખ નીલાબેન પટેલ અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિકસતી જાતિ) ભરૂચ જે. આર. વસાવા સહિત વિચરતી-વિમુક્ત જાતિના ગ્રામજનો અને છાત્રાલયની કન્યાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અંકલેશ્વરના રામદેવનગરમાં જુગારના અડ્ડા ઉપર દરોડો...

### સ્ટ્રીટ લાઇટના અજવાળે જુગાર રમત 7 જુગારીઓ ઝડપાયા, 2.35 લાખનો મુદ્દામાલ જપ્ત

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે અંકલેશ્વરના રામકુંડ પાસે આવેલા રામદેવનગરમાં જાહેર માર્ગની બાજુની ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી સ્થળ પર દરોડો પાડ્યો હતો.



પોલીસના દરોડા દરમિયાન સ્થળ પરથી જુગાર રમતા સાત ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે ચિરાગ જયંતીભાઈ લિંબાચિયા, કલ્પેશ વસાવા, શૈલેષ સુથાર, રાહુલકુમાર વાળંદ, રોહન ચોક્સી, પ્રકાશ કટારીયા અને ધૈર્યકુમાર આર્યની ધરપકડ કરી હતી.

દરોડાની કાર્યવાહી દરમિયાન પોલીસે સ્થળ પરથી રૂ.40 હજાર રોકડા, ત્રણ વાહનો અને પાંચ મોબાઈલ ફોન મળી કુલ રૂ.2.35 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે તમામ આરોપીઓ સામે જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

### 2.73 લાખના મુદ્દામાલ સાથે 7 શખ્સો ઝડપાયા

# જામકંડોરણાના થોરડી ગામની સીમમાં જુગારધામ પર રાજકોટ રેન્જ ટીમનો દરોડો

જેતપુર, સુરેશ ભાલીયા

રાજકોટ ગ્રામ્ય જિલ્લાના જામકંડોરણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબીશન અને જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સદંતર ડામી દેવા માટે નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય તથા રાજકોટ રેન્જના ઈન્ચાર્જ નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. આ સૂચના અન્વયે રાજકોટ રેન્જના પોલીસ ઈન્સ્પેક્ટર અપૂર્વ પટેલના માર્ગદર્શન મુજબ રેન્જની ટીમે ટેકનિકલ એનાલીસીસ અને હ્યુમન સોર્સની મદદથી બાતમી મેળવીને એક સફળ દરોડો પાડવામાં આવ્યો હતો. ચોક્કસ હકીકત આધારે જેતપુર ડિવિઝનના નાયબ પોલીસ અધીક્ષક આર.એ.ડોડીયા પાસેથી જુગારધારા અંગેનું સર્ચ વોરંટ મેળવી, પો.સ.ઈ. એ.વાય.ઉધાસ તથા સ્ટાફના કુલદીપસિંહ ચુડાસમા,




દિવ્યેશભાઈ સુવા, નિકુંજભાઈ પંપાણીયા, રવિરાજસિંહ વાળા, મીતેષભાઈ પટેલ તથા ડ્રાઈવર ધર્મેન્દ્રસિંહ જાડેજાની ટીમે થોરડીગામથી રામપર રોડ તરફ સીમમાં આવેલ વિક્રમસિંહ લીલુભા જાડેજાના કબ્જા-ભોગવટાની વાડીની ઓરડીમાં દરોડો પાડ્યો હતો. જ્યાં તીનપત્તીનો નસીબ આધારિત જુગાર રમતા કુલ ૭ ઈસમોને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસ રેડ દરમિયાન સ્થળ પરથી રોકડા રૂ. ૧,૨૮,૩૦૦/-, ૬ નંગ મોબાઈલ ફોન અને ૨ નંગ વાહનો મળીને કુલ રૂ. ૨,૭૩,૩૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

પકડાયેલા આરોપીઓમાં (૧) વિક્રમસિંહ ઉર્ફે લીલુભા જાડેજા (રહે. થોરડીગામ, તા. જામકંડોરણા), (૨) પુનીતભાઈ જશાભાઈ રાતડીયા (રહે. રામપરગામ, તા. જામકંડોરણા), (૩) કુંભ મનોજભાઈ શિયાળ (રહે. રામપરગામ, તા. જામકંડોરણા), (૪) શ્યામ ગોકળભાઈ મેવાડા (રહે. વિજયપ્લોટ શેરી નંબર ૧૮, ગોંડલ રોડ, રાજકોટ), (૫) મનીષ બાબુભાઈ સોલંકી (રહે. ચરખડી ગામ, તા. ગોંડલ), (૬) મનોજભાઈ કમાભાઈ શિયાળ (રહે. રામપરગામ, તા. જામકંડોરણા) અને (૭) મેહુલ ભગવાનજીભાઈ મેવાડા (રહે. શેરી નંબર ૯, ચંદ્રેશનગર, મવડી મેઈન રોડ, રાજકોટ) નો સમાવેશ થાય છે. આ તમામ આરોપીઓની ધોરણસર અટકાયત કરી તેમની વિરૂદ્ધ જામકંડોરણા પોલીસ સ્ટેશન ખાતે જુગારધારા હેઠળ ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



### ખુશી દુબે પોતાના અલગ પ્રકારના પાત્રો માટે જાણીતી છે

# ટીવી અભિનેત્રી ખુશી દુબેએ બ્રાઉન આઉટફિટમાં શેર કર્યો ગ્લેમરસ લુક

મુંબઇ

ટીવી અને ઓટીટીની જાણીતી અભિનેત્રી ખુશી દુબે ફરી એકવાર પોતાના સ્ટાઈલિશ લુકને લઈને ચર્ચામાં આવી છે. 'આશિકાના' સીરિઝમાં ચિક્કી ચૌહાણના પાત્રથી લોકપ્રિય બનેલી ખુશી દુબેએ સોશિયલ મીડિયા પર પોતાની કેટલીક નવી તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં તેનો ગ્લેમરસ અને કંઈક અલગ અંદાજ જોવા મળી રહ્યો છે, જેને ચાહકો ખૂબ પસંદ કરી રહ્યા છે. ખુશી દુબેએ પોતાની તસવીરો શેર કરતી વખતે કેપ્શનમાં લખ્યું છે, 'મને ખૂબ ગમે છે જ્યારે તમે મને સેનોરિટા કહો છો!' અભિનેત્રીનો આ અંદાજ તેની તસવીરોમાં પણ સ્પષ્ટ જોવા મળે છે. તસવીરોમાં બ્રાઉન અને બ્લૂનું સ્ટાઈલિશ કોમ્બિનેશન ખુશીનો લુક સ્ટાઈલિશની સાથે એકદમ એલિગન્ટ પણ બનાવી રહ્યો છે.

નવી તસવીરોમાં ખુશી દુબેએ બ્રાઉન શેડનું સ્ટ્રેપલેસ ટેક્સ્ચર્ડ કોર્સેટ-સ્ટાઇલ ટોપ પહેર્યું છે. તેણે આ ટોપને બ્લૂ ડેનિમ સાથે પેર કર્યું છે. બ્રાઉન અને બ્લૂ રંગનું કોમ્બિનેશન સાદું હોવા છતાં ખૂબ જ સ્ટાઈલિશ લાગી રહ્યું છે. ખુશીના આ લુકની સૌથી ખાસ વાત તેની ઓવરસાઈઝ્ડ બ્રાઉન મેશ હેટ છે. હેટ પર જોવા મળતું જાળીદાર ટેક્સ્ચર તેના સમગ્ર લુકને વધુ અલગ અને આકર્ષક બનાવે છે. આ એક્સેસરીએ તેના આઉટફિટમાં ફેશનનો ખાસ ટચ ઉમેર્યો હતો. ખુશી દુબે પોતાના અલગ પ્રકારના પાત્રો માટે જાણીતી છે. તેને 'આશિકાના' સીરિઝમાં ચિક્કી ચૌહાણની ભૂમિકા માટે ખાસ ઓળખ મળી હતી. આ ઉપરાંત અભિનેત્રી 'જુબિલી ટોકીઝ' અને 'જાદૂ તેરી નજર-ડાયન કા મૌસમ' જેવા પ્રોજેક્ટ્સમાં પણ જોવા મળી ચૂકી છે

સોશિયલ મીડિયા પર ખુશી દુબે પોતાની તસવીરો અને ફેશન સ્ટાઈલથી સતત ચાહકોનું ધ્યાન ખેંચતી રહે છે. તેના નવા બ્રાઉન આઉટફિટવાળા લુકમાં ગ્લેમર, એલિગન્સ અને યુનિક ફેશનનું સુંદર મિશ્રણ જોવા મળે છે. ટીવી અને ઓટીટીની જાણીતી અભિનેત્રી ખુશી દુબે ફરી એકવાર પોતાના સ્ટાઈલિશ લુકને લઈને ચર્ચામાં આવી છે. 'આશિકાના' સીરિઝમાં ચિક્કી ચૌહાણના પાત્રથી લોકપ્રિય બનેલી ખુશી દુબેએ સોશિયલ મીડિયા પર પોતાની કેટલીક નવી તસવીરો શેર કરી છે.

**સોશિયલ મીડિયા પર ખુશી દુબે પોતાની તસવીરો અને ફેશન સ્ટાઈલથી સતત ચાહકોનું ધ્યાન ખેંચતી રહે છે**

# રણબીર-દીપિકાની કેમિસ્ટ્રી ફરી છવાઇ

## યે જવાની હૈ દિવાની ફિલ્મની ફરીવાર બંનેના પાત્ર અંગે ચર્ચા શરૂ થઈ છે

મુંબઈ

બોલિવૂડની અમુક ફિલ્મો એવી હોય છે જેની અસર લાંબા સમય સુધી ફેન્સના દિલ-દિમાગ પર રહે છે. આવી ફિલ્મ ગમે ત્યારે જોવી ગમે છે અને તેના કેટલાક સીનને યાદ કરવાની પણ અલગ મજા હોય છે. આવી જ એક ફિલ્મ છે 'યે જવાની હૈ દિવાની', ફિલ્મ રિલીઝ થઈ તેને 13 વર્ષ થઈ ગયા છે. હજુ પણ ફિલ્મ એક આખા વર્ગની ફેવરીટ ફિલ્મ છે. ફિલ્મના કેટલાક પાત્રો ફેન્સના દિલમાં કાયમ માટે વસી ગયા છે. ફિલ્મના અનેક એવા સીન શાનદાર અને રસપ્રદ છે પણ એક સીન એવો પણ છે જે એકેડમી એવોર્ડ્સનો પણ ફેવરીટ છે. ફિલ્મનિર્માતા અયાન મુખર્જીના ડાયરેક્શનમાં તૈયાર થયેલી ફિલ્મ 'યે જવાની હૈ દિવાની'ના એક સીનને એકેડમી તરફથી અચાનક પ્રશંસા મળી રહી છે.આ એ સીન છે જ્યારે દીપિકા પાદુકોણ એટલે કે નૈના અને બની (રણબીર કપૂર) એક કિલ્લા પર બેઠા છે. નૈના, બનીને ઝિંદગી સાથે જોડાયેલો એક ખાસ અને જરૂરી મેસેજ આપે છે. ધ એકેડેમીના ઓફિશિયલ સોશિયલ મીડિયા હેન્ડલે ફિલ્મના એક આઈકોનિક સીનનો વીડિયો શૅર કર્યો છે, આ પછી ફરીવાર આ ફિલ્મના પાત્ર અંગે ચર્ચા શરૂ થઈ છે. સીનમાં નૈના અને બની ચિત્તોડગઢના કિલ્લા પર બેઠા છે. વીડિયોના કેપ્શનમાં લખ્યું છે કે, નૈના તરફથી એક રીમાઈન્ડર, 'જો આપકે ઠીક સામને હૈ ઉસકા આનંદ લે' વીડિયોમાં નૈના અને બની કિલ્લા પર બેસીને સનસેટનો આનંદ લઈ રહ્યા છે. એ સમયે બની કહે છે કે, ઔર અગર હમે બાદ મે પતા ચલા કી વો લાઈન્ટ એન્ડ સાઉન્ડ શૉ,સોલિડ ડાન્સ શૉ નિકલા તો? આનો રીપ્લાય આપતા નૈના કહે છે કે, વો તો હોગા હી ધાંસુ,....લેકીન અગર હમ ચલે ગયે તો યે સોલિડ સનસેટ મિસ હો જાયેગા ન? કિતના ભી કર લો બની, લાઈફ મેં કુછ ન કુછ તો છૂટેગા હી.



# નેપાળથી સુરક્ષિત પરત ફરી માનસી પારેખ, ભયાનક આપવીતી જણાવી

## માનસીએ દુર્ઘટનાના થોડા કલાકો પહેલાં જ યાત્રા સાથે જોડાયેલી કેટલીક તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યા હતા

મુંબઇ

નેપાળમાં આવેલા અચાનક પૂર અને તબાહીના સમાચાર વચ્ચે અભિનેત્રી માનસી પારેખ સુરક્ષિત રીતે મુંબઈ પરત ફરી છે. કૈલાશ માનસરોવર યાત્રા દરમિયાન નેપાળમાં સર્જાયેલી આ કુદરતી આફતને કારણે માનસી પારેખના ગુમ થવાની માહિતી સામે આવી હતી. જોકે, હવે તેઓ ભારત પરત આવી ચૂક્યાં છે.

માનસી પારેખ ઈશા ફાઉન્ડેશન સાથે કૈલાશ માનસરોવરની યાત્રા પર ગઈ હતી. યાત્રા દરમિયાન તેમની સાથે ગયેલા 93 લોકો પણ મુંબઈ પરત ફર્યા છે.

માનસી મુંબઈ એરપોર્ટ પર પહોંચતાં જ પરિવારજનોએ તેમને જોઈને રાહતનો શ્વાસ લીધો અને ભાવુક થઈ ગયા. મુંબઈ પરત ફર્યા બાદ માનસી પારેખે પોતાના અનુભવ વિશે વાત કરતાં કહ્યું કે આ સફર તેમના માટે અત્યંત લાંબી અને મુશ્કેલ રહી હતી. તેમણે જણાવ્યું કે તિબેટ અને નેપાળની સરહદ પર આવેલી મોટી ઈમિગ્રેશન બિલ્ડિંગમાંથી યાત્રા દરમિયાન તેઓ ચીનમાં પ્રવેશ્યા હતા. કૈલાશ યાત્રા પૂર્ણ થયા બાદ ચીનમાંથી પરત ફરવાનું હતું, પરંતુ તેના લગભગ 24 કલાક પહેલાં જ આ ભયાનક દુર્ઘટના બની હતી. ઘટનાના વીડિયો અને તસવીરો જોયા બાદ સમગ્ર સ્થિતિની ગંભીરતાનો ખ્યાલ આવ્યો હતો.

માનસી પારેખે જણાવ્યું કે જે વિસ્તારમાં મોટી ઈમિગ્રેશન બિલ્ડિંગ હતી, તે પણ પૂરનાં પાણીમાં વહી ગઈ હતી. એટલું જ નહીં, આખું ગામ જ જાણે અચાનક અદૃશ્ય થઈ ગયું હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. તેમના કહેવા પ્રમાણે, માત્ર 24 કલાકમાં આખો વિસ્તાર બદલાઈ ગયો હતો. આ ઘટનાએ તેમને જીવનની અનિશ્ચિતતાનો અહેસાસ કરાવ્યો. માનસીએ આ અનુભવને અત્યંત દુઃખદ અને ડરામણો ગણાવ્યો. પૂરનો પ્રવાહ એટલો ભયાનક હતો કે અનેક લોકો અને કાટમાળ ખૂબ દૂર સુધી વહી ગયા હોવાનું તેમણે જણાવ્યું.





# ગુલાબી લહેંગામાં પલક તિવારીનો કિલર લુક, ચાહકો થયા ફિદા

## સેલિના જેટલીનો આ વિવાદ એવા સમયે સામે આવ્યો છે જ્યારે તાજેતરમાં ક્રિતી સેનનના ફેશન લુકને લઈને સો. મીડિયા પર ચર્ચા અને વિવાદ થયો હતો

મુંબઈ

અભિનેત્રી પલક તિવારી પોતાની સુંદરતા અને સ્ટાઈલિશ અંદાજને લઈને અવારનવાર ચર્ચામાં રહે છે. હવે તેની કેટલીક ગ્લેમરસ તસવીરો સોશિયલ મીડિયા પર લોકોનું ધ્યાન ખેંચી રહી છે, જેમાં તે અત્યંત સુંદર અને રોયલ લુકમાં જોવા મળી રહી છે. પલકે રવિવારે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પેસ્ટલ પિંક સિલ્વર ટોનનો લહેંગો પહેરીને તસવીરો શેર કરી હતી, જેની સાથે તેણે કેપ્શનમાં લખ્યું છે, "બંગડીઓ વગરની પોસ્ટ માટે મજેદાર ગીત." પલક તિવારીએ લહેંગા સાથે અત્યંત સ્ટાઈલિશ ઓફ-શોલ્ડર કોર્સેટ સ્ટાઈલ બ્લાઉઝ કેરી કર્યું છે. તેનું ટ્રાન્સપરન્ટ ઓફ-શોલ્ડર ફેબ્રિક અને ડ્રેપ્ડ સ્લીવ્ઝ તેના લુકને મોર્ડન અને ગ્લેમરસ બનાવી રહ્યા છે. આ સાથે પલકની જ્વેલરી અને મેકઅપની વાત કરીએ તો, કાનમાં લાંબી અને શિમરી ઈયરરિંગ્સ તેના લુકને આકર્ષક બનાવી રહી છે. આ ઉપરાંત અભિનેત્રીએ ગ્લોઈંગ બેઝ, ન્યૂડ-પિંક લિપ્સ, બ્લશ્ડ ચીક્સ અને સોફ્ટ સ્મોકી આઈઝ મેકઅપ સાથે પોતાનો લુક કમ્પ્લીટ કર્યો છે. પલકની આ પોસ્ટ પર જોતજોતામાં લાઈક્સનો વરસાદ થઈ ગયો હતો. આ સાથે ફેન્સે પણ ભરપૂર કમેન્ટ્સ કરી હતી. એક ફેને લખ્યું 'બ્યુટીફુલ', તો કોઈએ લખ્યું 'બ્યુટીફુલ એન્જલ'. આ સિવાય કમેન્ટ સેક્શનમાં રેડ હાર્ટ અને ફાયર વાળા ઈમોજીનું પૂર આવી ગયું હતું.નોંધનીય છે કે અભિનેત્રી પલક તિવારી પોતાની સુંદરતા અને સ્ટાઈલિશ અંદાજને લઈને અવારનવાર ચર્ચામાં રહે છે. હવે તેની કેટલીક ગ્લેમરસ તસવીરો સોશિયલ મીડિયા પર લોકોનું ધ્યાન ખેંચી રહી છે, જેમાં તે અત્યંત સુંદર અને રોયલ લુકમાં જોવા મળી રહી છે. જેની સાથે તેણે કેપ્શનમાં લખ્યું છે, "બંગડીઓ વગરની પોસ્ટ માટે મજેદાર ગીત." પલક તિવારીએ લહેંગા સાથે અત્યંત સ્ટાઈલિશ ઓફ-શોલ્ડર કોર્સેટ સ્ટાઈલ બ્લાઉઝ કેરી કર્યું છે.

# સમય રૈના નવા વિવાદમાં: બિહાર અને કાશ્મીર પર મજાક બાદ સોશિયલ મીડિયા પર હંગામો

મુંબઈ

કોમેડિયન સમય રૈનાનો શો 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ 2' ફરી એકવાર વિવાદમાં આવ્યો છે. શોના તાજેતરના એપિસોડમાં બિહાર અને કાશ્મીરને લઈને કરવામાં આવેલી ટિપ્પણીઓ બાદ સોશિયલ મીડિયા પર ભારે હોબાળો જોવા મળી રહ્યો છે. આ મામલે કેટલાક રાજકીય નેતાઓએ પણ શોની ટીકા કરી છે. 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'ની સીઝન એકમાં સ્પર્ધક તરીકે જોવા મળેલી સ્ટેન્ડ-અપ કોમેડિયન શેરોન વર્મા તાજેતરના એપિસોડમાં પેનલિસ્ટ તરીકે સામેલ થઈ હતી. આ દરમિયાન સમય રૈના અને શેરોન વર્મા વચ્ચે બિહાર તથા કાશ્મીરને લઈને મસ્તીભર્યો સંવાદ થયો હતો, જેને લઈને હવે મોટો વિવાદ ઊભો થયો છે. એપિસોડ દરમિયાન સમય રૈનાએ શેરોન વર્માની પૃષ્ઠભૂમિ અંગે મજાક કરતાં બિહાર સાથે જોડાયેલી ટિપ્પણી કરી હતી. રૈનાએ કહ્યું હતું કે શેરોન એટલી બિહારી છે કે તેને 'ઈબોલા'નો અર્થ પણ તેને 'કોઈ બોલ્યું' એવો લાગે છે. આ ટિપ્પણીના જવાબમાં શેરોન વર્માએ સમય રૈનાની કાશ્મીરી પૃષ્ઠભૂમિને લઈને ટિપ્પણી કરી હતી. ત્યારબાદ સમય રૈનાએ ફરી બિહાર અને મુંબઈમાં નોકરીની શોધ સાથે જોડાયેલી મજાક કરી હતી. તેના જવાબમાં શેરોને પોતાના રાજ્ય છોડવા અંગે પણ ટિપ્પણી કરી હતી.

સંવાદની ક્લિપ્સ સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ બંને કમ્યુનિટી અને પ્રદેશોની લાગણીઓને ઠેસ પહોંચાડવાનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે. કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે આ પ્રકારની ટિપ્પણીઓને અયોગ્ય ગણાવી છે અને શોના નિર્માતાઓ તથા કોમેડિયનોની ટીકા કરી છે.

આ વિવાદમાં હવે રાજકીય નેતાઓની પણ એન્ટ્રી થઈ છે. એએનઆઈના અહેવાલ મુજબ, શિવસેનાના નેતા આનંદ દુબેએ સમય રૈનાની ટિપ્પણી અને શોની ટીકા કરી છે. બિહારના શિક્ષણ મંત્રી મિથિલેશ તિવારીએ પણ નાગરિકો અને સમુદાયો અંગે કરવામાં આવતી અપમાનજનક ટિપ્પણીઓ સામે નારાજગી વ્યક્ત કરી છે.



## સૂર્યવંશીએ 57 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો, દુલીપ ટ્રોફીમાં આ સિદ્ધિ મેળવનાર પ્રથમ બેટર

# વૈભવ સૂર્યવંશીનો સપાટો: 7 સિક્સર, 7 ચોગ્ગા સાથે 92 રન ફટકાર્યા

વોશિંગ્ટન

દુલીપ ટ્રોફીના સેમિફાઈનલમાં વૈભવ સૂર્યવંશીએ સોમવારે અડધી સદી ફટકારીને વધુ એક રેકોર્ડ બનાવ્યો છે. તે હવે દુલીપ ટ્રોફીમાં અડધી સદી ફટકારનાર સૌથી યુવા ખેલાડી બની ગયો છે. વૈભવે 15 વર્ષ અને 157 દિવસની ઉંમરે આ સિદ્ધિ મેળવી હતી. આ પહેલાં આ રેકોર્ડ લક્ષ્મણ સિંહના નામે હતો, જેણે 1969માં 16 વર્ષ અને 23 દિવસની ઉંમરે અડધી સદી ફટકારી હતી. એટલે કે વૈભવે 57 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો છે. વૈભવ સૂર્યવંશીની 92 રનની ઈનિંગ વૈભવ પોતાની પ્રથમ ફર્સ્ટ ક્લાસ સદી તરફ ઝડપથી આગળ વધી રહ્યો હતો. અને જે રીતે તે રમી રહ્યો હતો, તે જોઈને તેની સદી નિશ્ચિત લાગી રહી હતી. પરંતુ



હર્ષ દુબેના બોલ પર છગ્ગો મારતી વખતે તે 92 રન બનાવીને આઉટ થઈ ગયો. ડીપ મિડવિકેટ પર એકમાત્ર ફિલ્ડર અરશદ ખાને એક સરળ કેચ પકડ્યો. આમ વૈભવે 81 બોલની પોતાની ઈનિંગમાં 7 ચોગ્ગા અને 7 છગ્ગા ફટકાર્યા. બેંગલુરુના સેન્ટ્રલ ઓફ એક્સેલેન્સ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી પહેલી સેમિફાઈનલમાં ઈસ્ટ ઝોન માટે ઓપનિંગ કરતા વૈભવે સેન્ટ્રલ ઝોન સામે 42 બોલમાં ફિફ્ટી ફટકારી હતી. ઈસ્ટ ઝોનના વાઈસ કેપ્ટન વૈભવે ઓફ સ્પિનર સારાંશ જૈનના બોલ પર છગ્ગો ફટકારીને પોતાની ફિફ્ટી પૂર્ણ કરી હતી. સારાંશે તાજેતરમાં જ શ્રીલંકા સામે કોલંબો ટેસ્ટમાં ભારત માટે ડેબ્યૂ કર્યું હતું. તમને જાણીને નવાઈ લાગશે કે વૈભવ બે રન પર રમી રહ્યો હતો ત્યારે યશ રાઠોડે સારાંશના બોલિંગ પર એક સરળ કેચ છોડી દીધો હતો. દુલીપ ટ્રોફી 2026ની સેમિફાઈનલ-1માં બેંગલુરુના CoE ગ્રાઉન્ડ-1 ખાતે ઈસ્ટ ઝોન અને સેન્ટ્રલ ઝોન વચ્ચે મુકાબલો થયો. ઈસ્ટ ઝોનના 15 વર્ષીય વૈભવ સૂર્યવંશીએ 81 બોલમાં 92 રન ફટકારી સૌનું ધ્યાન ખેંચ્યું. તે સચિનનો સૌથી નાની વયે સદીનો રેકોર્ડ તોડતા ચૂકી ગયો.

## નોવાક જોકોવિચ US ઓપનમાંથી બહાર

નવી દિલ્હી

સર્બિયાના નોવાક જોકોવિચ યુએસ ઓપનના પહેલા જ રાઉન્ડમાં હારીને બહાર થઈ ગયા. તેમને આર્જેન્ટિનાના વર્લ્ડ નંબર-49 મારિયાનો નવોનેએ પાંચ સેટના મુકાબલામાં 7-6, 5-7, 4-6, 6-2, 6-1થી હરાવ્યા. આ સાથે જ જોકોવિચનું રેકોર્ડ 25મું ગ્રાન્ડ સ્લેમ ખિતાબ જીતવાનું સપનું પણ તૂટી ગયું. હાર બાદ જોકોવિચ ભાવુક થઈ ગયા અને પોતાના આંસુ રોકી શક્યા નહીં. આ મુકાબલો 4 કલાક 36 મિનિટ સુધી ચાલ્યો, જે ગ્રાન્ડ સ્લેમમાં જોકોવિચના કરિયરનો અત્યાર સુધીનો સૌથી લાંબો પહેલો રાઉન્ડ મેચ રહ્યો. 39 વર્ષના જોકોવિચે શરૂઆતના ત્રણ સેટમાંથી બે જીત્યા, પરંતુ નવોનેએ છેલ્લા બે સેટમાં શાનદાર વાપસી કરતા મુકાબલો પોતાના નામે કરી લીધો.

જોકોવિચ માટે યુએસ ઓપનના ઈતિહાસમાં આ પ્રથમ વખત છે જ્યારે તેઓ ટુર્નામેન્ટના પહેલા જ રાઉન્ડમાં બહાર થયા છે. આ પહેલા તેઓ પહેલા રાઉન્ડમાં ક્યારેય હાર્યા ન હતા. આ 2006ના ઓસ્ટ્રેલિયન ઓપન પછી પ્રથમ વખત છે, જ્યારે જોકોવિચ કોઈ ગ્રાન્ડ સ્લેમના પહેલા રાઉન્ડમાં બહાર થયા છે. મેચ દરમિયાન તબિયત બગડી જોકોવિચે પહેલો સેટ ગુમાવ્યા બાદ શાનદાર વાપસી કરતા સતત બે સેટ જીતીને વધત બનાવી લીધી હતી. જોકે, મુકાબલાના અંતિમ તબક્કામાં તેમની તબિયત બગડવા લાગી. મેચ દરમિયાન તેમને ઉલટી કરતા જોવામાં આવ્યા. તેમણે ઈન્હેલરનો ઉપયોગ કર્યો અને દવા પણ લીધી. આ ઉપરાંત, તેઓ વારંવાર સ્ટ્રેચિંગ કરતા જોવા મળ્યા અને પીઠ તથા પગમાં પરેશાનીથી ઝઝૂમતા દેખાયા.

### 5 મહિના બાદ વાપસી કરવા હાર્દિક પંડ્યા તૈયાર

## હાર્દિક પંડ્યા સહિત 3 સ્ટાર ખેલાડીઓ વાપસી કરવા તૈયાર

નવી દિલ્હી

અફઘાનિસ્તાન સામેની T20 શ્રેણી પહેલા ભારતીય ટીમ માટે સારા સમાચાર સામે આવ્યા છે. સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા અને નીતિશ કુમાર રેડ્ડી ફિટ થઈને પસંદગી માટે ઉપલબ્ધ છે, જ્યારે વોશિંગ્ટન સુંદર પણ ફિટનેસ મેળવવાની ખૂબ નજીક છે. માનવામાં આવી રહ્યું છે કે આ ત્રણેય ખેલાડીઓ અફઘાનિસ્તાન શ્રેણી માટે ટીમ પસંદગી માટે ઉપલબ્ધ રહી શકે છે. જોકે, ઝડપી બોલર જસપ્રીત બુમરાહના પુનરાગમનને લઈને હજુ સ્થિતિ સ્પષ્ટ નથી અને તેમણે બેંગલુરુ સ્થિત



બીસીસીઆઈ સેન્ટર ઓફ એક્સેલન્સમાં પોતાનું રિહેબ ચાલુ રાખ્યું છે. હાર્દિક પંડ્યા (Hardik Pandya) લાંબા સમયથી ફિટનેસ સંબંધિત સમસ્યાઓના કારણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટથી દૂર છે. તેઓ છેલ્લા ઘણા મહિનાઓથી બેંગલુરુ સ્થિત બીસીસીઆઈ સેન્ટર ઓફ એક્સેલન્સમાં પોતાની ફિટનેસ પર કામ કરી રહ્યા છે. હવે તેમની ટ્રેનિંગ પૂરી ક્ષમતા સાથે ચાલી રહી છે અને તેઓ પસંદગી માટે ઉપલબ્ધ હોવાનું જણાવાયું છે. તેમનું પુનરાગમન ભારતીય T20 ટીમ માટે મોટા પ્રોત્સાહન સમાન છે. તેઓ બેટ અને બોલ બંને વડે મેચનું પાસું પલટવાની ક્ષમતા ધરાવે છે. જોકે, પસંદગીકારો તેમની ફિટનેસની સાથે વર્કલોડનું પણ મૂલ્યાંકન કરશે અને ત્યારબાદ જ શ્રેણીમાં તેમની ભાગીદારી અંગે નિર્ણય લેવામાં આવશે. અહેવાલમાં જણાવાયું છે કે નીતિશ કુમાર રેડ્ડી (Nitish Kumar Reddy) પણ ઈજામાંથી મુક્ત થઈ ગયા છે.

# IPLમાંથી વિવાદિત નિયમ હટાવવાની તૈયારી

## રોહિત-કોહલીએ પણ ઊઠાવ્યો હતો વાંધો, હવે BCCI એ સૂચન માગ્યા

મુંબઈ

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)માં ઈમ્પેક્ટ પ્લેયર રુલને લઈને સતત સવાલો ઉઠતા રહ્યા છે. હવે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ તમામ 10 ફ્રેન્ચાઈઝી ટીમો પાસે આ નિયમને લઈને સત્તાવાર ફીડબેક માગ્યું છે. ટીમોએ પોતાનો અભિપ્રાય 31 ઓગસ્ટ સુધીમાં બોર્ડને મોકલવો પડશે. ત્યારબાદ મળેલા સૂચનોના આધારે આગામી સીઝન માટે આ વ્યવસ્થામાં ફેરફારને લઈને નિર્ણય લેવામાં આવી શકે છે. મે મહિનામાં BCCI સચિવ દેવજીત સૈકિયાએ કહ્યું હતું કે, IPL 2026 પૂર્ણ થયા બાદ ઈમ્પેક્ટ પ્લેયર નિયમની સમીક્ષા કરવામાં આવશે. હવે



બોર્ડે તે જ દિશામાં પગલું ભરતા ટીમો પાસેથી લેખિત અભિપ્રાય લેવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

એક અહેવાલ પ્રમાણે BCCIએ ફ્રેન્ચાઈઝી ટીમો પાસેથી PMOA (પ્લેયર્સ એન્ડ મેચ ઓફિશિયલ્સ એરિયા), અમ્પાયરિંગ, પ્રેક્ટિસ સેશન અને પ્લેઈંગ કંડિશન્સ સહિત અનેક ક્રિકેટ ઓપરેશનલ બાબતો પર સૂચનો માગ્યા છે. બોર્ડે ટીમોને પોતાની ક્રિકેટ ઓપરેશન્સ યુનિટ સાથે ચર્ચા કરીને તમામ મુદ્દાઓ પર સંયુક્ત પ્રતિક્રિયા મોકલવા કહ્યું છે. આ સૂચનોના આધારે આગામી સીઝન પહેલા જરૂરી સમીક્ષા અને કાર્યવાહી કરવામાં આવશે. છેલ્લી કેટલાક સીઝનમાં ઈમ્પેક્ટ પ્લેયર નિયમ IPLની સૌથી ચર્ચિત બાબતોમાં સામેલ રહ્યો છે. ખાસ કરીને IPL 2026માં મોટા સ્કોરની વધેલી સંખ્યાએ તેના પ્રભાવ પર સવાલો ઊભા કર્યા. ટીકાકારોનું માનવું છે કે, વધારાનો ખેલાડી ઉપલબ્ધ હોવાથી બેટિંગમાં ઊંડાણ વધે છે અને તેનો ફાયદો રન બનાવનારી ટીમોને મળે છે. તેનાથી વિપરીત સમર્થકોની દલીલ છે કે આ નિયમે કેપ્ટનોને પરિસ્થિતિઓ પ્રમાણે વધુ વ્યુહાત્મક વિકલ્પો આપ્યા છે. આ નિયમને લઈને માત્ર નિષ્ણાતો કે ચાહકોએ જ સવાલો નથી ઉઠાવ્યા. રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા ભારતીય દિગ્ગજો પણ આ નિયમ પ્રત્યે પોતાની અસહમતી દર્શાવી ચૂક્યા છે. છેલ્લી સીઝન દરમિયાન યોજાયેલી બેઠકમાં ઘણી ટીમોના કેપ્ટનોએ આ નિયમનો વિરોધ કર્યો હતો. મે મહિનામાં દેવજીત સૈકિયાએ કહ્યું હતું કે, 'BCCIને IPL ટીમો તરફથી ઈમ્પેક્ટ પ્લેયર નિયમ સામે કોઈ સત્તાવાર ફરિયાદ મળી નથી. ટુર્નામેન્ટમાં માત્ર 200+ ના સ્કોર જ નથી બન્યા, પરંતુ કેટલાક ઓછા સ્કોર વાળા મુકાબલા અને બોલરોનું પ્રભાવશાળી પ્રદર્શન પણ જોવા મળ્યું છે.'




## યુદ્ધ અને મોંઘવારી વચ્ચે ભારતનો GDP રોકેટ ગતીએ વધ્યો

# RBIએ કહ્યું 7%, ભારતે કરી બતાવ્યું 7.8%

મુંબઈ

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવને કારણે વધતી મોંઘવારી છતાં ભારતની અર્થવ્યવસ્થા RBIના અંદાજ કરતાં વધુ મજબૂત રહી.

આ વર્ષના પ્રથમ ક્વાર્ટર એટલે કે એપ્રિલ-જૂનમાં GDP 7.8% રહ્યો. RBIનો અંદાજ 7% હતો. એક વર્ષ પહેલાંના આ જ ક્વાર્ટરમાં તે 6.9%ના દરે વધ્યો હતો. બેંકિંગ/ફાઈનાન્સ, રિયલ એસ્ટેટ, IT અને અન્ય બિઝનેસ સર્વિસિસ સેક્ટરમાં 10%થી વધુ વૃદ્ધિ જોવા મળી. આનાથી મોંઘવારીની અસર GDP વૃદ્ધિ પર પડી નહીં. સોમવારે આ આંકડા કેન્દ્ર સરકારના આંકડા




વિભાગ દ્વારા જાહેર કરવામાં આવ્યા. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય (MoSPI) ના આંકડા મુજબ, વાસ્તવિક GDP 7.8%ના દરે વધીને 81.36 લાખ કરોડ રહ્યો. એક વર્ષ પહેલાં તે 75.46 લાખ કરોડ હતો. જ્યારે વાસ્તવિક GVA 8.2% વધીને 73.82 લાખ કરોડ રહ્યો.

નોમિનલ જીડીપી 10.3% વધીને 88.27 લાખ કરોડ નોંધાઈ. ગયા વર્ષે તે 80 લાખ કરોડ હતી. નોમિનલ જીવીએ 11.5%ની વૃદ્ધિ સાથે 80.53 લાખ કરોડ સુધી પહોંચી ગયું. પશ્ચિમ એશિયામાં યુદ્ધના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ અને ગેસના ભાવ ઝડપથી વધ્યા છે અને ગ્લોબલ સપ્લાય ચેઈન પ્રભાવિત થઈ છે. આના કારણે ભારતમાં મોંઘવારી વધી ગઈ છે. સામાન્ય રીતે ઊર્જાના ઊંચા ભાવ અને મોંઘવારીથી આર્થિક ગતિવિધિઓ ધીમી પડે છે, પરંતુ ભારતીય અર્થતંત્રએ આ દબાણ વચ્ચે પણ 7.8%નો વિકાસ હાંસલ કર્યો.

### સોના-ચાંદીમાં મોટો ઘટાડો થયો

## ચાંદી ₹8,437 ઘટીને ₹2.35 લાખ પર આવી, સોનામાં પણ ₹4,453 ઘટાડો

મુંબઈ

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 31 ઓગસ્ટે ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) મુજબ, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 4,453 રૂપિયા ઘટીને 1.55 લાખ રૂપિયા થયો છે. જ્યારે એક કિલો ચાંદીની કિંમત આજે 8,437 રૂપિયા ઘટીને 2.35 લાખ રૂપિયા પર આવી ગઈ છે.

નિષ્ણાતોના મતે, ક્રૂડ ઓઈલની કિંમતમાં તેજીના કારણે સોના અને ચાંદીમાં ઘટાડો થયો છે.

અમેરિકાએ સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ઈરાનના એક ટાપુ પર હુમલો કર્યો છે. ઈરાને પણ જોર્ડનમાં અમેરિકી ઠેકાણાઓ



પર હુમલો કર્યો. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ સોનાના ભાવ 1.33 લાખ રૂપિયા હતા, જે 29 જાન્યુઆરીએ વધીને 1.76 લાખ રૂપિયાના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયા હતા. ત્યારથી અત્યાર સુધી સોનું 21 હજાર રૂપિયા સસ્તું થઈ ગયું છે.

જ્યારે, ચાંદીની કિંમત 31 ડિસેમ્બર 2025 ના રોજ 2.30 લાખ રૂપિયા હતી, જે 29 જાન્યુઆરીએ 3.86 લાખ રૂપિયા ઓલ ટાઈમ હાઈ પર પહોંચી ગઈ હતી. ત્યારથી અત્યાર સુધીમાં ચાંદી 1.51 લાખ રૂપિયા સસ્તી થઈ ગઈ છે. ટ્રાન્સપોર્ટેશન અને સિક્યોરિટી: એક શહેરથી બીજા શહેરમાં સોનું લઈ જવામાં ઈંધણ અને સુરક્ષા ખર્ચ ઉમેરાય છે, જેના કારણે અંતર વધવા પર ભાવ વધે છે. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો.

### કર્મચારીઓ માટે ગેસ્ટ હાઉસ બનશે

# અંબાણીએ દિલ્હીનાં લ્યુટિયન્સ ઝોનમાં ₹350 કરોડનો બંગલો ખરીદ્યો

## પૃથ્વીરાજ રોડ પર આવેલા આ ભવ્ય બંગલાનો ઉપયોગ રિલાયન્સ દિલ્હી આવતા તેના અધિકારીઓ અને કર્મચારીઓ માટે કોર્પોરેટ ગેસ્ટ હાઉસ તરીકે કરશે

નવી દિલ્હી

દેશના સૌથી ધનિક ઉદ્યોગપતિ મુકેશ અંબાણીએ દિલ્હીના સૌથી પોશ અને સુરક્ષિત વિસ્તાર 'લ્યુટિયન્સ બંગલો ઝોન'માં 350 કરોડ રૂપિયાનો એક બંગલો ખરીદ્યો છે.

રિલાયન્સે સ્પષ્ટ કર્યું છે કે આ બંગલો અંબાણી પરિવારનું ખાનગી નિવાસસ્થાન નહીં હોય. પૃથ્વીરાજ રોડ પર આવેલા આ ભવ્ય બંગલાનો ઉપયોગ રિલાયન્સ દિલ્હી આવતા તેના અધિકારીઓ અને કર્મચારીઓ માટે કોર્પોરેટ ગેસ્ટ હાઉસ તરીકે કરશે. બ્લૂમબર્ગના રિપોર્ટ અનુસાર, આ ડીલ જુલાઈના અંતમાં ટેક્સ ઉપરાંત લગભગ 36.7 મિલિયન ડોલર એટલે કે લગભગ 350 કરોડ રૂપિયામાં ફાઈનલ થઈ હતી. ડીલની મુખ્ય વાતો કિંમત: 350 કરોડ રૂપિયા (ટેક્સ અલગથી). સ્થાન: પૃથ્વીરાજ રોડ, લ્યુટિયન્સ




બંગલો ઝોન, નવી દિલ્હી. વિક્રેતા: સિંગાપોરના બિઝનેસમેન ડો. ભૂપેન્દ્ર કુમાર મોદી (બીકે મોદી). ખરીદનાર: રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલી કંપની (રિપોર્ટ્સમાં અનંત અંબાણીના ફેમિલી ઓફિસનો ઉલ્લેખ). ઉપયોગ: રિલાયન્સ કર્મચારીઓ માટે ગેસ્ટ હાઉસ. રિલાયન્સના પ્રવક્તાએ જણાવ્યું કે કંપનીએ દિલ્હીમાં પોતાના કર્મચારીઓના રોકાણ માટે આ બંગલો ખરીદ્યો છે. જોકે, કંપનીએ અનંત અંબાણીના ફેમિલી ઓફિસની સીધી ભૂમિકા કે ડીલના પૈસા પર કોઈ નિવેદન આપ્યું નથી. પૃથ્વીરાજ રોડ પર થયેલી આ ખરીદી એટલા માટે પણ ખાસ છે, કારણ કે લ્યુટિયન્સમાં ખાનગી મિલકતો ખૂબ ઓછી વેચાય છે. દિલ્હી રિલાયન્સ માટે વહીવટી અને વ્યવસાયિક દૃષ્ટિકોણથી ખૂબ જ મહત્વપૂર્ણ કેન્દ્ર છે, તેથી કંપનીએ આ રોકાણ કર્યું છે.

લ્યુટિયન્સ બંગલો ઝોન શું છે? લ્યુટિયન્સ દિલ્હીની સ્થાપના બ્રિટિશ રાજ દરમિયાન થઈ હતી, જ્યારે અંગ્રેજોએ ભારતની રાજધાનીને કોલકાતાથી દિલ્હી ખસેડી હતી. સર એડવિન લ્યુટિયન્સ અને હર્બર્ટ બેકરે આ સમગ્ર વહીવટી અને રહેણાંક વિસ્તારનો નકશો તૈયાર કર્યો હતો. જેમાં પહોળા રસ્તાઓ અને મોટા બગીચાઓ પણ છે.

## સેન્સેક્સ 307 અંક ઘટીને 76,957 પર બંધ

■ નિફ્ટી પણ 150 અંક ઘટ્યો, મેટલ અને FMCG શેર્સમાં વધુ વેચવાલી રહી

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 31 ઓગસ્ટે ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 307 પોઈન્ટ ઘટીને 76,957 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 95 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 24,080 પર બંધ થયો. મેટલ, FMCG અને મીડિયા શેરોમાં આજે વધુ ઘટાડો જોવા મળ્યો.



પર્પલ સ્ટાઈલ લેબ્સનો IPO આજથી ખુલ્લો મુકાયો છે. તેમાં રોકાણકારો 2 સપ્ટેમ્બર સુધી બોલી લગાવી શકશે. કંપની આ IPO દ્વારા 680 કરોડ રૂપિયા એકત્ર કરવા માંગે છે. આ પહેલાં ગઈકાલે એટલે કે 28 ઓગસ્ટે શેરબજારમાં તેજી જોવા મળી હતી. સેન્સેક્સ 331 પોઈન્ટના ઉછાળા સાથે 77,265 પર બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 85 પોઈન્ટનો ઉછાળો રહ્યો હતો, તે 24,176 પર બંધ થયો હતો.

### એવોર્ડની ચમક પાછળ પાપનો અંધકાર


# મકતમપુરાની આંગણવાડીમાં ગટર જેવા પાણીથી ઘડાતું 'સ્માર્ટ' ભવિષ્ય : મેયર-કમિશનર-સ્કૂલ બોર્ડ મૌન કેમ?

અમદાવાદ

'Cleanest City of India' નો એવોર્ડ છાતી ઠોકીને બતાવતા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના શાસકોના ગાલ પર આ એક તમાચો છે. કરોડો રૂપિયાના હોર્ડિંગ્સ, કરદાતાઓના પૈસે થતા પ્રચાર અને કાગળ પર ચાલતા વિકાસની અસલી ઔકાત જોવી હોય તો મકતમપુરા વોર્ડમાં આવેલી આંગણવાડીની મુલાકાત લઈ લો. જે જગ્યાએ ગરીબ અને મધ્યમ વર્ગના માસૂમ ભૂલકાં પોતાનું ભવિષ્ય બનાવવા આવે છે, ત્યાં તંત્ર દ્વારા રોગચાળા અને ગંદકીનો નરક જેવો ખાડો પીરસવામાં આવી રહ્યો છે.

દર વર્ષે 'સર્વ શિક્ષા અભિયાન' અને 'શાળા પ્રવેશોત્સવ'ના નામે કરોડો રૂપિયાના તાઈફા થાય છે. નેતાઓ કેમેરા સામે મોં મચકોડીને ફોટા પડાવે છે, રૂમાલથી ખુરશીઓ સાફ કરીને બેસે છે અને ભાષણો ઝાડે છે. પણ કેમેરા બંધ થતાં જ આ વાસ્તવિકતા સામે આવે છે.





આંગણવાડીમાં બાળકો જે પાણી વાપરે છે અને પીવે છે, તે પાણીની ટાંકી જોઈને કોઈ પણ સંવેદનશીલ માણસનું લોહી ઉકળી ઉઠે. ટાંકીમાં સડો, લીલ, મચ્છરો અને ઝેરી કચરાનું સામ્રાજ્ય છે. આ પાણી નથી, આ માસૂમ બાળકો માટે ધીમું ઝેર છે. શું આ જ છે કોર્પોરેશનનું શિક્ષણ અને સ્વચ્છતાનું મોડલ? આગામી દિવસોમાં જો આ ટાંકીનું પાણી પીને કોઈ માસૂમ બાળક ગંભીર બીમારીનો ભોગ બનશે કે કોઈ અઘટિત ઘટના બનશે, તો એનો જવાબદાર કોણ? શું એવોર્ડની ટ્રોફીઓ પકડીને ફોટા પડાવનારા અધિકારીઓ આ જવાબદારી લેશે? મેયર, તમે કયા મોઢે અમદાવાદને સ્વચ્છ શહેર કહો છો? શું તમારા કે તમારા સગા-સંબંધીઓના બાળકોને આવા દૂષિત અને સડતા પાણીથી હાથ ધોવા કે પીવા દેશો?

મ્યુનિસિપલ કમિશનર, એરકંડિશનર ઓફિસોમાંથી બહાર નીકળીને ક્યારેય આ કમનસીબ બાળકોની આંગણવાડીઓમાં પગ મૂકવાની તસ્દી લીધી છે? કે પછી તમારું કામ માત્ર કાગળ પર આંકડાકીય માયાજાળ રચવાનું જ છે?

AMC સ્કૂલ બોર્ડના અધિકારીઓ અને ચેરમેન કઈ ઘોર નિંદ્રામાં મસ્ત છે? પ્રવેશોત્સવના નામે નાસ્તા અને ટેન્ટના બિલ પાસ કરવામાં જેટલી ઝડપ બતાવો છો, એટલી ઝડપ આ ગંદી ટાંકીઓ બદલવામાં કેમ નથી દેખાતી?

શું મકતમપુરાના બાળકો માણસ નથી? ગરીબ બાળકોના આરોગ્ય સાથે આટલી હલકી કક્ષાનું રાજકારણ અને બેદરકારી શા માટે?

આ અહેવાલ કોઈ સામાન્ય સમાચાર નથી, આ એ માસૂમ ભૂલકાંઓનો આક્રોશ છે જેઓ બોલી શકતા નથી. તાઈફા બંધ કરો અને વાસ્તવિક કામ કરો. જો ૪૮ કલાકની અંદર મકતમપુરા આંગણવાડીની સ્થિતિ સદ્ંતર સુધારવામાં નહીં આવે, દૂષિત ટાંકીઓ બદલીને કાયમી સ્વચ્છતાની વ્યવસ્થા નહીં કરાય અને જવાબદાર અધિકારીઓ સામે કડકમાં કડક પગલાં નહીં લેવાય, તો 'પાક્કો ગુજરાત' આ મુદ્દાને મ્યુનિસિપલ કોર્પોરેશનના દરવાજા સુધી લઈ જશે અને તંત્રના ભ્રષ્ટ અને બેદરકાર વહીવટને ઉઘાડો પાડવાનું ચાલુ રાખશે.

## મંદિરે દર્શનાર્થે આવતા ભક્તો સાવધાન!

### માતાજીના ભુવા બની ઠગાઈ આચરતી 'મદારી ગેંગ'ના બે સાગરીતોને ઝોન-7 LCBએ ઝડપી પાડ્યા

અમદાવાદ

ધર્મના નામે અને માતાજીની ભક્તિના બહાને ભોળા દર્શનાર્થીઓને જાળમાં ફસાવી લૂંટતી શાતિર 'મદારી ગેંગ'નો અમદાવાદ શહેર ઝોન-7 LCB (લોકલ ક્રાઈમ બ્રાન્ચ) ટીમે પર્દાફાશ કર્યો છે. મંદિરે આવતા શ્રદ્ધાળુઓ સાથે માતાજીના ભુવા હોવાનો ડોળ કરી ઠગાઈ આચરતા બે રીઢા આરોપીઓની ધરપકડ કરીને પોલીસે ગુનાખોરીની દુનિયામાં સન્નાટો મચાવી દીધો છે. ચોક્કસ બાતમીના આધારે ઝોન-7 LCBની ટીમે સઘન જાળ બિછાવીને મદારી ગેંગના બે મુખ્ય સાગરીતો, પવનનાથ મદારી અને રમેશનાથ મદારીને દબોચી લીધા છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ બંને આરોપીઓ માત્ર અમદાવાદ જ નહીં, પરંતુ વડોદરા શહેરના ગંભીર ગુનાઓમાં પણ લાંબા સમયથી વોન્ટેડ હતા. આરોપીઓ ધાર્મિક સ્થળો અને મંદિરોની બહાર રેકી કરતા હતા. દર્શનાર્થીઓ સામે પોતે માતાજીના ભુવા કે પહોંચેલા સાધુ હોવાનો નાટક કરતા હતા. પરિવાર પર દુઃખ-આફત હોવાનું કહી અથવા વિધિ કરીને દુઃખ દૂર કરવાના બહાને સોના-ચાંદીના



દાગીના અને રોકડ રકમ પડાવી લેતા હતા. ઝોન-7 LCBની પૂછપરછ દરમિયાન ચોંકાવનારો ખુલાસો થયો છે કે, આ બંને આરોપીઓએ આજથી ત્રણ મહિના પહેલા અમદાવાદના વટવા વિસ્તારમાં એક શ્રદ્ધાળુને પોતાની જાળમાં ફસાવીને મોટી ઠગાઈ આચરી હતી. આ ઘટના બાદથી જ પોલીસ તેમની શોધખોળ કરી રહી હતી. વડોદરા અને અમદાવાદમાં ગુના આચરીને ફરાર થઈ જતા આ ગુનેગારો આખરે LCBના સિકંજામાં આવી ગયા છે. પોલીસે બંને આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને આ ગેંગે ગુજરાતના અન્ય કયા કયા શહેરોમાં ભોળા શ્રદ્ધાળુઓને નિશાન બનાવ્યા છે તે અંગે ઊંડાણપૂર્વક પૂછપરછ શરૂ કરી છે.

## અખબારનગર અંડરપાસમાં હૃદયધબકારા રોકી દે તેવો અકસ્માત: પીક અવર્સમાં એકસાથે 5 ગાડીઓ વચ્ચે ધડાકાભેર ટક્કર

અમદાવાદ

અમદાવાદના પશ્ચિમ વિસ્તારના અત્યંત વ્યસ્ત ગણાતા અખબારનગર અંડરપાસમાં આજે પીક અવર્સ દરમિયાન એક અત્યંત ભયાનક અકસ્માત સર્જાયો છે. ઓફિસ અને કામકાજે નીકળેલા વાહનચાલકોથી અંડરપાસ ધમધમી રહ્યો હતો ત્યારે અચાનક એક પછી એક એમ પાંચ ફોર-વ્હીલર ગાડીઓ વચ્ચે ધડાકાભેર ચેન-ટક્કર થઈ હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે તમામ પાંચેય ગાડીઓને ભારે નુકસાન પહોંચ્યું છે અને તેમના આગળ-પાછળના ભાગનો ભુકડ બોલી ગયો છે.

મળતી માહિતી મુજબ, સવારના સમયે જ્યારે અખબારનગર અંડરપાસમાં ટ્રાફિકનું ભારે ભોરણ હતું ત્યારે આગળ ચાલી રહેલી એક ગાડીએ અચાનક બ્રેક મારતાં અથવા સ્પીડ પર કાબૂ ન રહેતાં પાછળ આવી રહેલી ગાડીઓ એકબીજા સાથે ધડાકાભેર અથડાઈ હતી. એક જ ક્ષણમાં એક પછી એક પાંચ ગાડીઓ ધડાકા સાથે એકબીજામાં ઘૂસી જતાં અંડરપાસમાં જોરદાર અવાજ ગૂંજી ઊઠ્યો હતો અને લોકોમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી.

અકસ્માતની તીવ્રતા એટલી વધારે હતી કે ગાડીઓના બોનેટ, બમ્પર અને કાચનો કૂચો વળી ગયો હતો. જોકે, એરબેગ્સ ખુલી જવાના કારણે અને વાહનોની સ્પીડ મર્યાદિત હોવાના લીધે કારમાં સવાર મુસાફરોનો આબાદ બચાવ થયો છે. સદનસીબે આ ભયાનક અકસ્માતમાં કોઈ ગંભીર જાનહાનીના સમાચાર નથી, પરંતુ તમામ ગાડીઓને લાખો રૂપિયાનું આર્થિક નુકસાન પહોંચ્યું છે.

અંડરપાસમાં વાહનોની લાંબી લાઈનો, ટ્રાફિક પોલીસ દોડતી થઈ

પીક અવર્સમાં અંડરપાસની અંદર જ ૫ ગાડીઓનો અકસ્માત થતાં અંડરપાસનો એક આખો માર્ગ બ્લોક થઈ ગયો હતો. જેના કારણે અખબારનગર અને તેની આસપાસના મુખ્ય માર્ગો પર વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ હતી અને ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

### જર્જરિત મકાનોની જગ્યાએ ઊભા થશે આધુનિક હાઈરાઈઝ ટાવર

## શહેરના વાડજવાસીઓ માટે ગુડ ન્યૂઝ : 4 ચાલિઓ અને ઝૂંપડપટ્ટીઓનું થશે કાયાકલ્પ!

**■ સર્વે બાદ પઝેશન મેળવીને સ્લમ રીડેવલોપમેન્ટ પોલિસી હેઠળ લોકોને ફાળવાશે પાક્કા મકાન, હજારો પરિવારોનું સપનું થશે સાકાર**

અમદાવાદ

અમદાવાદ શહેરના મધ્ય ભાગમાં આવેલા વાડજ વિસ્તારના હજારો ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો માટે ખુશીના અને રાહતના મોટા સમાચાર સામે આવ્યા છે. વર્ષોથી જર્જરિત ચાલીઓ અને ઝૂંપડપટ્ટીઓમાં કાચા છાપરા હેઠળ વસવાટ કરતા સ્થાનિકો માટે હવે પાક્કા મકાનનું સપનું પૂરું થવા જઈ રહ્યું છે. વાડજ વિસ્તારની ૪ મુખ્ય ચાલીઓ અને ઝૂંપડપટ્ટીઓનું રીડેવલોપમેન્ટ (Redevelopment) કરવાનો મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે.




મળતી માહિતી મુજબ, સ્લમ રીડેવલોપમેન્ટ પોલિસી (PPP મોડેલ) હેઠળ આ સમગ્ર પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે. પ્રથમ તબક્કામાં તંત્ર દ્વારા ચાલીઓ અને સ્લમ વિસ્તારનો સઘન બાયોમેટ્રિક અને ડોક્યુમેન્ટ સર્વે હાથ ધરવામાં આવશે. સર્વેની કામગીરી પૂર્ણ થયા બાદ લાયક લાભાર્થીઓની યાદી તૈયાર કરાશે. ત્યાર બાદ તમામ રહેવાસીઓને નવા મકાન ના બને ત્યાં સુધી ભાડાની રકમ આપીને જગ્યા ખાલી કરાવાશે અને ત્યાં આધુનિક સુવિધાઓથી સજ્જ પાક્કા મકાન બનાવવામાં આવશે.

ચોમાસામાં પાણી ભરાવાની અને કાચા છાપરામાંથી પાણી ટપકવાની સમસ્યામાંથી મુક્તિ મળશે. લિફ્ટ, ૨૪ કલાક પાણી, પાકા રોડ-રસ્તા, સ્ટ્રીટ લાઈટ અને ગટર લાઈન જેવી તમામ સુવિધાઓ સાથે ફ્લેટ આપવામાં આવશે. નિર્ધારિત સમયમર્યાદામાં બાંધકામ પૂર્ણ કરીને તમામ મૂળ રહેવાસીઓને તેમના હક્કના પાક્કા મકાન ફાળવી દેવામાં આવશે. વાડજ વિસ્તારમાં આવેલા આ કાચા મકાનો અને ચાલીઓના સ્થાને જ્યારે નવી ટાઉનશિપ અને હાઈરાઈઝ બિલ્ડિંગો ઊભી થશે, ત્યારે સમગ્ર વાડજ વિસ્તારનો નકશો બદલાઈ જશે. ગંદકી અને સુવિધાઓના અભાવ સામે ઝૂઝતા શ્રમજીવી પરિવારોને એક સુરક્ષિત અને સન્માનજનક જીવનશૈલી મળશે.

### જેલ સિપાહીના પુત્રને વ્યાજખોરોએ ભીંસમાં લીધો

## 12 લાખ સામે 25 લાખ પડાવ્યા છતાં ધમકીઓ!

અમદાવાદ

અમદાવાદ શહેરમાં વ્યાજખોરોનો ત્રાસ અને બળજબરીથી નાણાં પડાવવાનો કાળો કારોબાર સતત વધી રહ્યો છે. હવે તો કાયદાનું રક્ષણ કરનારા પોલીસ પરિવારના સભ્યો પણ આ વ્યાજરાક્ષસોના પંજામાંથી બચી શક્યા નથી! અમદાવાદના રાણીપ પોલીસ સ્ટેશનમાં સેટેલાઇટ વિસ્તારના બે શાતિર વ્યાજખોર ભાઈઓ સામે ૧૨ લાખની મૂડી સામે ૨૫ લાખથી વધુની રકમ વસૂલી લીધા બાદ પણ બળજબરી અને માનસિક ત્રાસ આપવાની ગંભીર ફરિયાદ નોંધાતા સન્નાટો મચી ગયો છે. સાબરમતી સેન્ટ્રલ જેલ ક્વાર્ટર્સમાં રહેતા અને જેલ સિપાહીના પુત્ર એવા પીડિત યુવકે પોતાની આપવીતી જણાવતા રાણીપ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.



સેટેલાઈટ વિસ્તારમાં રહેતા અને નિવૃત્ત પોલીસકર્મીના જ પુત્રો એવા વિક્રમ ઉર્ફે પરેશ મગનભાઈ દેસાઈ અને જયેશ મગનભાઈ દેસાઈ.

પીડિત યુવકે જરૂરિયાત ખાતર આ બંને ભાઈઓ પાસેથી ૧૨ લાખ રૂપિયા વ્યાજે લીધા હતા.

આરોપીઓએ મોંઘા વ્યાજદર અને અસહ્ય દંડના નામે યુવક પાસેથી ટુકડે-ટુકડે કરીને કુલ ૨૫ લાખ રૂપિયા જેટલી માતબર રકમ વસૂલી લીધી હતી. આ વ્યાજખોરોની હિંમત એટલી વધી ગઈ હતી કે ૨૫ લાખ રૂપિયા પડાવી લીધા પછી પણ તેમનું પેટ ભરાયું નહોતું. આરોપીઓએ યુવક પાસેથી બળજબરીથી સહી કરેલા કોરા ચેકો સિક્યુરિટીના નામે હડપ કરી લીધા હતા.

### નિવૃત્ત PSIના પરિવારે લગાવ્યા ગંભીર આક્ષેપો!

## નિકોલની અનંતા હોસ્પિટલમાં ડૉક્ટરોની દાદાગીરી અને મોટો ખેલ

અમદાવાદ

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલી હોસ્પિટલો ફરી એકવાર વિવાદ અને ગંભીર આક્ષેપોના ઘેરાવામાં આવી છે. નિકોલ ખાતે આવેલી 'અનંતા હોસ્પિટલ' (Ananta Hospital) ના ડૉક્ટર ઉત્સવ અને ડૉક્ટર ભાવેશ ઠક્કર સામે નરોડા વિસ્તારમાં રહેતા એક નિવૃત્ત PSI (પોલીસ સબ ઈન્સ્પેક્ટર) ના પરિવારે ગંભીર અને ચોંકાવનારા આક્ષેપો લગાવતા સમગ્ર તબીબી આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે.




પીડિત પરિવારના જણાવ્યા અનુસાર, દર્દીને છાતીમાં દુખાવાની તકલીફ થતાં તાત્કાલિક નિકોલની અનંતા હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ દર્દીની ગંભીર સ્થિતિ દર્શાવીને હૃદયમાં 'બલૂન/સ્ટેન્ટ' (Stent) મૂકવાની સલાહ આપી હતી. પરિવારે દર્દીનો જીવ બચાવવા માટે તબીબોની વાત માનીને સ્ટેન્ટ મૂકવાની મંજૂરી આપી હતી.

જોકે, આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન હોસ્પિટલ દ્વારા વાપરવામાં આવેલા સ્ટેન્ટ/મેડિકલ કિટના બોક્સ અંગે પરિવારે સવાલ ઉઠાવ્યા છે. પરિવારનો સીધો આરોપ છે કે ડૉક્ટરો દ્વારા જે બોક્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે એક્સપાયરી ડેટ (Expired Box) વિતી ગયેલું હતું! પરિવારનો આક્રોશ અહીં જ નથી અટકતો. નિવૃત્ત PSIના પરિવારે હોસ્પિટલ તંત્ર અને ડૉક્ટરો પર અત્યંત શરમજનક આરોપ લગાવતા જણાવ્યું છે કે: દર્દીનું મૃત્યુ થઈ ચૂક્યું હોવા છતાં, માત્ર ને માત્ર આંકડાકીય બિલ વધારવા અને પૈસા પડાવવા માટે ડૉક્ટરોએ ખોટી રીતે સારવાર ચાલુ રાખવાનું નાટક કર્યું હતું. પરિવાર સાથે અસભ્ય વર્તન, દાદાગીરી અને માનસિક રીતે હેરાનગતિ કરવામાં આવી હતી.

બિલના નાણાં ભરાવવા માટે પરિવાર પર સતત દબાણ કરવામાં આવ્યું હતું.

નિવૃત્ત પોલીસ અધિકારીના પરિવાર સાથે પણ જો આવો વ્યવહાર થતો હોય, તો સામાન્ય નાગરિકોનું શું? તેવા તીખા સવાલો હવે લોકમુખે ચર્ચાઈ રહ્યા છે:

શું ખરેખર અનંતા હોસ્પિટલ દ્વારા દર્દીના મૃત્યુ પછી પણ પૈસા પડાવવા માટે સારવારનું નાટક ચાલુ રખાયું હતું?

## વાંચતા માણસો પર હુમલો અને સમાજનું મૌન: વિચારધારાના નામે ગુંડાગીરી કે લાઈસન્સ પ્રાપ્ત દાદાગીરી?

અમદાવાદ

જે રાજ્ય અને જે શહેરમાં પુસ્તકો વાંચવા, વિચારોની આપ-લે કરવી અને જ્ઞાનનું આદાન-પ્રદાન કરવું ગુનો બની જાય, ત્યાં લોકશાહી અને વૈચારિક સ્વતંત્રતાના કયા મૂલ્યો બાકી રહે છે? અમદાવાદ શહેરમાં એક અત્યંત શરમજનક અને ચિંતાજનક ઘટના સામે આવી છે, જ્યાં શાંતિપૂર્વક વાંચવા માટે એકઠા થયેલા નિર્દોષ નાગરિકો પર પોતાને 'બજરંગ દળ'ના કાર્યકરો ગણાવતા અસામાજિક તત્વોએ હુમલો કરીને મારપીટ કરી છે.

અમદાવાદમાં સાહિત્ય અને પુસ્તક પ્રેમીઓ એક જગ્યાએ એકઠા થઈને શાંતિપૂર્વક વાંચન કરી રહ્યા હતા. કોઈ પણ પ્રકારના ઘોંઘાટ કે કાયદાના ઉલ્લંઘન વગર ચાલતી આ બેઠકમાં અચાનક કેટલાક ટોળાં ધસી આવ્યા હતા. પોતાને બજરંગ દળમાંથી આવતા હોવાની ઓળખ આપીને આ તત્વોએ ત્યાં બેઠેલા લોકો સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી અને જોતજોતામાં હાથપાઈ તથા મારપીટ શરૂ કરી દીધી હતી.

હાથમાં પુસ્તકો રાખીને શાંતિથી બેઠેલા નિરપરાધ વાંચકો પર હિંસા આચરવી એ માત્ર કાયદાનો અનાદર નથી, પરંતુ સમાજની નૈતિક અધોગતિની પરાકાષ્ઠા છે.

આ ઘટના કરતાં પણ વધુ ભયાનક બાબત એ છે કે આવી દાદાગીરી અને ગુંડાગીરી સામે સમાજ મૌન ધારણ કરીને બેઠો છે.

### અમદાવાદમાં AMCની દબાણ હટાવ ઝુંબેશનો ડબલ ચહેરો

## નરોડામાં નાના લારી-ગલ્લા ધારકો પર કડક કાર્યવાહી, મોટા વેપારીઓને અભયદાન

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની એસ્ટેટ ટીમ દ્વારા શહેરના ઉત્તર ઝોનમાં આવેલા નરોડા વિસ્તારમાં ગેરકાયદે દબાણો અને પાર્કિંગ સામે સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રોડ અને ફૂટપાથને દબાણમુક્ત કરવાના નામે AMCની ટીમે ૧૮૩ જેટલી દબાણકારી વસ્તુઓ જપ્ત કરી હતી અને ૧૨ જેટલા વાહનોને લોક મારીને રૂ. ૮,૧૦૦નો વહીવટી ચાર્જ વસૂલ કર્યો છે. પરંતુ આ કાર્યવાહીને પગલે હવે AMCની બેવડી નીતિ અને ડબલ ચહેરા સામે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. AMCની એસ્ટેટ ટીમ જ્યારે પણ દબાણ હટાવવા નીકળે છે ત્યારે તેમનો મુખ્ય ટાર્ગેટ માત્ર ગરીબ અને સામાન્ય લારી-ગલ્લા વાળા કે પથારા વાળા જ બનતા હોય છે. રોજનું કમાઈને રોજ ખાતા નાના વેપારીઓનો માલસામાન જપ્ત કરી લેવામાં આવે છે અને તેમની



આજીવિકા પર સીધો પ્રહાર કરવામાં આવે છે. નરોડા વિસ્તારમાં પણ એ જ દ્રશ્યો જોવા મળ્યા જ્યાં ગરીબ લારી ધારકો સામે ખાખી અને તંત્રનો રોફ બતાવવામાં આવ્યો હતો. સ્થાનિક જનતા અને પીડિતોનો આક્ષેપ છે કે મોટા શોરૂમ, કોમર્શિયલ બિલ્ડિંગો અને પ્રભાવશાળી વેપારીઓ દ્વારા કરવામાં આવતા કાયમી દબાણો સામે AMCનું તંત્ર સાવ મૌન સેવી લે છે. મોટા શોરૂમ ધારકો રોડ અને ફૂટપાથ પર માલસામાન ખડકી દે છે અને તેમના ગ્રાહકોના વાહનોના કારણે આખી સડક પર ટ્રાફિક જામ થાય છે, છતાં તેમની સામે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી. આ મોટો તફાવત દર્શાવે છે કે આકાઓ અને મોટા વેપારીઓ પર તંત્રની પૂરેપૂરી છત્રછાયા છે. AMC દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે રોડ અને ફૂટપાથને દબાણમુક્ત રાખવા માટે આગામી દિવસોમાં પણ આ પ્રકારની સઘન ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે. પરંતુ જનતા હવે સવાલ પૂછી રહી છે કે: શું આ ઝુંબેશ માત્ર ગરીબોની રોજીરોટી છીનવવા પૂરતી જ સીમિત રહેશે?

શું ક્યારેય મોટા શોરૂમોના ગેરકાયદે દબાણો પર AMCનું બુલડોઝર ફરશે? અમદાવાદીઓ માંગ કરી રહ્યા છે કે જો તંત્ર ખરેખર ટ્રાફિક અને દબાણની સમસ્યા ઉકેલવા માંગતું હોય તો પક્ષપાત વગર તમામ સામે સમાન કાર્યવાહી કરે, નહીં તો AMCનો આ ડબલ ચહેરો વધુ ખુલ્લો પડશે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI